
卐 ૧૦૨ મી જન્મજયંતી-વિશેષાંક 卐



"સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો" — એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો અને ઇન્દ્રોની સમક્ષ આવ્યો છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૧ □ (૫૭૧) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૧ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ મે, ૧૯૯૧




* લોકો કુતીર્થમાં ત્યાં સુધી પરિભ્રમણ કરે છે અને ધૂર્તતા ત્યાં સુધી કરે છે કે જ્યાં સુધી ગુરુના પ્રસાદથી તેઓ દેહમાં જ રહેલા દેવને નથી જાણતા. ૨૬૬. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૮૦)

* યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે (અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખ-દુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે). વળી બીજી રીતે (-નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે તેમ જ અશુભ પરિણતિ પણ નથી—નથી. કારણ કે આ લોકમાં એક આત્માને (અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે (અર્થાત્ જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી—વિભાવોથી રહિત છે) તેને (—નિત્ય શુદ્ધ આત્માને) હું સ્તવું છું. ૨૬૭.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૦૯)

* સિદ્ધ ભગવાન કોઈ બાહ્ય કારણની અપેક્ષા વિના પોતાની મેળે જ સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપ છે, અનંત આત્મિક આનંદરૂપ છે, અને અચિંત્ય દિવ્યતારૂપ છે. સિદ્ધભગવાન જેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે. તેથી સુખાર્થી જીવો વિષયાલંબી ભાવ છોડી નિરાલંબી પરમાનંદસ્વભાવે પરિણમો. ૨૬૮. (શ્રી પ્રવચનસાર, ગાથા–૬૮નો ભાવાર્થ)

—*—

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૧૧
[ ૫૭૧ ]

વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
MAY.
A.D. 1991




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

ઉપકારમૂર્તિ, સ્વાનુભવવિભૂષિત, પુરુષાર્થપ્રેરક, તારણહાર
ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની
૧૦૨મી જન્મજયંતી પ્રસંગે
ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

## 卐 ૧૦૨ અધ્યાત્મ–પુષ્પો 卐

* અહા! મહાવિદેહમાં પ્રભુ સમવસરણમાં બિરાજે છે. સો સો ઇન્દ્રો, ચક્રવર્તી આદિ તથા જંગલમાંથી સેંકડો વાઘ ને કેસરી સિંહનાં ટોળાં વાણી સાંભળવા આવે છે. અહા! પરમાત્માની એ વાણી કેવી હશે? સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે—આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે તે કોણ? કે એ તું પોતે. પર્યાયમાં જે પ્રગટ પરમાત્મા થયા; એ પદ આવ્યું ક્યાંથી? પોતે શક્તિ-અપેક્ષાએ પરમાત્મસ્વરૂપ છે એમાંથી પરમાત્મપર્યાય આવી છે. અહા! જીવે પોતાને પામર તરીકે સ્વીકાર્યો છે. દયાનો પાળનાર તે હું; પણ અરે, પ્રભુ! રાગની ક્રિયા કરનારો તે તું? જ્ઞાયકને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. "સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો"—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇંદ્રોની સમક્ષ આવ્યો છે. ૧.

* અનંત અનંત જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવોથી ભરપૂર એવા નિજ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવા માટે દ્રવ્યસ્વભાવનું માહાત્મ્ય બતાવ્યું છે કે—પ્રભુ! તારું ધ્રુવ દ્રવ્ય આવું છે, ભગવાનસ્વરૂપ તું જ છો. ભાઈ! ભગવાનમાં ને તારા દ્રવ્યસ્વભાવમાં જરીયે હીનાધિકતા નથી. ભગવાન પર્યાયમાં પૂર્ણ થયા છે, ને તું સ્વભાવમાં પૂર્ણ છો. તે પૂર્ણ સ્વભાવનો આશ્રય કરીને અંતર સ્વ-સન્મુખતાનો પુરુષાર્થ કર તો તું પણ પર્યાયમાં પૂર્ણ ભગવાન થઈ જઈશ. ૨.

* અહા પ્રભુ! એક વાર સાંભળ તો ખરો તારી પ્રભુતાની વાતો. આચાર્યદેવ તને 'ભગવાન' તરીકે સંબોધન કરીને ઉપદેશ આપે છે. સમયસારની પહેલી ગાથાની ટીકામાં કહ્યું છે: મારી પર્યાયમાં તો મેં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે, ને હે શ્રોતાઓ! તમારી પર્યાયમાં, અલ્પજ્ઞતા હોવા છતાં, 'દ્રવ્ય-અપેક્ષાએ સિદ્ધ સમાન શુદ્ધ છું'—એમ અનંત સિદ્ધોને સ્થાપો; રાગને નહિ, રાગ તો સ્વભાવથી ભિન્ન છે. વાત જરા ઝીણી છે, પ્રભુ! ચાલતા પંથથી સર્વજ્ઞ ભગવાનનો માર્ગ કોઈ જુદી જાતનો છે. અહા! જૈનધર્મ એટલે શું? જૈનધર્મ પૂર્ણતઃ આત્માનુભૂતિ પર આધારિત છે. જેમાં ગુરુનો ઉપદેશ વગેરે બાહ્ય નિમિત્તો પરમાર્થે અકિંચિત્કર છે. નિમિત્તના લક્ષથી જે જ્ઞાન થયું તેનાથી પણ આત્માનું ભાન થતું નથી. પરલક્ષી જ્ઞાન પણ વાસ્તવિક જ્ઞાન નથી, તેનાથી ધર્મ થતો નથી. ૩.

* સાધક જીવ કહે છે: હે જ્ઞાયક પ્રભુ! મને તારાં દર્શન દે ને, તારો અંદરનો વૈભવ મને જોવા—માણવા દે ને. અરેરે પ્રભુ! એકેન્દ્રિય, બે-ઇંદ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયપણામાં મેં તને ક્યાંય ન દેખ્યો. અરે! બાહ્ય મુનિપણું અનંત વાર લીધું, પરંતુ ત્યાં પણ તારાં દર્શન ન થયાં નાથ! હવે તો એક વાર ચેતનપ્રભુનાં દર્શન કરવા દો. સંસારની બીજી બધી ઝંઝટ છોડીને ધર્મી જીવને ચેતનનો અનુભવ કરવાની લગની લાગી છે; દુનિયા માન આપે કે ન આપે—એની સાથે કોઈ સંબંધ નથી. 'આ ધર્માત્મા છે' એમ લોકો ગણતરીમાં ગણે—એની કોઈ કિંમત નથી. ચૈતન્યભગવાન પર દૃષ્ટિ દેવાથી તે પ્રાપ્ત થાય છે, માટે હે શુદ્ધ પરિણતિરૂપી

સખી! મને સ્વભાવ પર દૃષ્ટિ કરવા દે. શરીરનાં પ્રાણ પણ ભલે જાઓ, પણ મારો ચૈતન્યભાવપ્રાણ મારી દૃષ્ટિમાં આવો. ધર્મીને સદા આવી ભાવના હોય છે. ૪.

* જ્ઞાતાપણું જ આત્માનું સ્વરૂપ હોવાથી, તેમાં રાગનું કર્તૃત્વ આવતું નથી. કેમ કે તેને પોતાના અનંત ગુણોમાં 'રાગને કરવું' એવો કોઈ ગુણ નથી. રાગના એક કણનું પણ કર્તૃત્વ જે માને છે તે આખા લોકનો કર્તા થાય છે. વ્રતાદિ શુભભાવનો પણ જે કર્તા થાય છે તે આખા વિશ્વનો કર્તા થાય છે; કેમ કે, જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી—જ્ઞાતાસ્વભાવથી—ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા—રાગ મારું કર્તવ્ય છે એમ—માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે. ૫.

* ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને—જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે, હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ. ૬.

* સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો. અધિક એટલે પરથી ભિન્ન. સમયસારની ૩૧ મી ગાથામાં આવે છે: '**णाणसहावेण अधिगं मुणदि आदं**'—....જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી—વિષયોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી ગયા—ભિન્ન પોતાના પૂર્ણજ્ઞાનસ્વભાવી આત્માની નિર્મળ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને સાથેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૭.

* અંદર જ્ઞાયકદેવનો મહિમા આવે ત્યારે આખા સંસારનો રસ છૂટી જાય છે, અને ત્યારે જ ભગવાન આત્મા સમીપ આવે છે. ભાઈ!

આ તો ભાગવત કથા છે ભાગવત કથા! નિજ જ્ઞાયક ભગવાનને બતાવનારી છે અને વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલી છે માટે આ, ભાગવત કથા છે. અનંત અગાધ શક્તિઓના ધારક એવા નિજ અભેદ ચૈતન્ય-સ્વરૂપનો અંદર રસ લાગે તેને સંસારનો રસ છૂટી જાય છે—વિષયની વાસનામાંથી સુખબુદ્ધિ ઊઠી જાય છે. અંતરમાં જ્યાં અતીન્દ્રિય આનંદના નાથનો—આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક પ્રભુનો—મહિમા આવ્યો, દૃષ્ટિમાં તેનો સ્વીકાર ને સત્કાર થયો ત્યાં શુભ ભાવનો પણ મહિમા ઊઠી જાય છે—જ્ઞાનીને વ્રતાદિના શુભ પરિણામમાં પણ રાગ અને દુઃખ લાગે છે, તેમાંથી સુખની બુદ્ધિ ઊઠી જાય છે. ૮.

* સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં 'અવ્યક્ત'ના પાંચમા બોલમાં કહ્યું છે: વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે (આત્મા) અવ્યક્ત છે. વ્યક્ત નામ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય. બંને ભેળાં મિશ્રિતરૂપે જાણવામાં આવે છે તોપણ અવ્યક્ત ધ્રુવ ટંકોત્કીર્ણ જીવ વ્યક્તપણાને—પર્યાયને સ્પર્શતો નથી, ત્રિકાળી ધ્રુવ અંશ વર્તમાન ક્ષણિક પર્યાયાંશરૂપ થઈ જતો નથી. માટે ધ્રુવ દ્રવ્ય અને પલટતી પર્યાય બંને ભિન્ન છે. જ્યાં પર્યાયમાત્ર ધ્રુવ તત્ત્વથી ભિન્ન છે ત્યાં રાગાદિ વિભાવની વાત તો ક્યાંય રહી ગઈ. તે તો જુદો છે જ. માટે અહીં કહે છે કે વ્યવહાર-શ્રદ્ધાના કે મંદ-કષાયના પરિણામથી નિશ્ચય ધ્રુવ તત્ત્વની પ્રાપ્તિ થશે એ દૃષ્ટિ જ વિપરીત છે. બાપુ! શું થાય? ભાઈ! તને એ માન્યતામાં નુકસાન છે. તું હોંશ કરીને જગતને બતાવે છે કે—અમે નિશ્ચય અને વ્યવહાર બંનેને માનીએ છીએ. બંનેથી લાભ થાય તે અનેકાંત છે. ભાઈ! તે સાચો અનેકાંત નથી, અનેકાંતાભાસ છે, એકાંત છે. સ્વભાવના આશ્રયે સદા લાભ થાય અને પર્યાયના, રાગના કે નિમિત્તના આશ્રયે કદી પણ લાભ ન થાય—તે જ સાચો અનેકાંત છે. ૯.

* ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અંદર શક્તિએ તો સદા અબદ્ધ-સ્વરૂપ અર્થાત્ મુક્તસ્વરૂપ છે. યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક તે

ધ્રુવ મુક્તસ્વરૂપનું અંતરમાં ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તદશા પ્રગટ થશે. જીવને સંસારનાં પાપધ્યાન કરતાં તો આવડે છે. જેમ સંસારના આર્ત ને રૌદ્ર ધ્યાનમાં ચડી જાય છે, તેમ એવું ધ્યાન—એવી એકાગ્રતા—ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં લગાવ. અહા! મારગ તો આવો છે. તે દયા, દાન, વ્રત કે ભક્તિથી મળશે નહિ. એ તો રાગ છે. રાગભાવથી વીતરાગતા મળે? ૧૦.

* શુભાશુભ વિભાવ તેમ જ અધૂરી પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી અભેદ જ્ઞાયક સ્વભાવ પર જે દૃષ્ટિ થવી, અપરિણામી અભેદ જ્ઞાયક-સ્વભાવનો દૃષ્ટિમાં આશ્રય થવો, તે જ સમ્યગ્દર્શન છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી શ્રદ્ધાની પર્યાય', 'આ મારી ચારિત્રની પર્યાય'—એમ પર્યાય ઉપર એટલું જોર શા માટે આપે છે? 'આ મારી ગુણની પર્યાય છે', 'આ મારી દ્રવ્યની પર્યાય છે'—એમ પર્યાય ઉપર તારી રુચિનું વજન કેમ જાય છે? અહીં તો કહે છે કે જેટલા વ્યવહાર અને વિકલ્પો છે તે બધા છે ખરા, પણ તેના પર લક્ષ કરવાથી, તેના પર રુચિનું જોર આપવાથી સમ્યગ્દર્શન થતું નથી. ૧૧.

* પ્રભુ! એક સમયની પર્યાયથી પણ ઉદાસ થઈને તારા ત્રિકાળી આનંદકંદ જ્ઞાયકને પકડ. ભાવેન્દ્રિય—ક્ષાયોપશમિક જ્ઞાન—તો ખંડખંડરૂપ જ્ઞાનપર્યાય છે, અને આત્મા તો પૂર્ણ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસ સ્વરૂપ પરમ પદાર્થ છે તે ભાવેન્દ્રિયના લક્ષથી પણ પકડમાં આવતો નથી; પકડનારી પર્યાય પોતે ક્ષાયોપશમિક ભાવે છે, પણ તેના લક્ષે પ્રભુ આત્મા પકડવામાં આવતો નથી. વસ્તુ પોતે પોતાની ક્ષાયોપશમિક જ્ઞાનની પર્યાય વડે પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે તો દ્રવ્ય પકડમાં આવે. અહા! આવો મારગ છે પરમાત્માનો. મહાવિદેહમાં ભગવાન પાસે તો આ ધોખમાર્ગ ચાલે છે. સત્યને કાંઈ સંખ્યાની જરૂર નથી કે ઘણા માણસો માને તો જ સત્ય કહેવાય. ચીજ જે રીતે સત્ય છે તેને તે રીતે માને તો સત્ય કહેવાય છે. ૧૨.

* સ્વભાવથી એકત્વ અને રાગાદિ વિભાવથી વિભક્ત એવા આ જ્ઞાયક ભગવાનને હું શુદ્ધાત્મસ્પર્શી નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો તમે તમારા પોતાના સ્વાનુભવપ્રત્યક્ષ વડે પરીક્ષા કરીને તેનો

સ્વીકાર કરજે. અહા! પાંચમા આરાના સંત પાંચમા આરાના શ્રોતાઓને કહે છે : પ્રભુ! જ્ઞાનાનંદના રસકસથી ભરપૂર તારી જ્ઞાયકચીજ અંદર મોજૂદ પડી છે ને! જાગતો જીવ અંદર ઊભો છે તે ક્યાં જાય? એ તો તને સહજ જ છે, સુગમ જ છે. તે સહજ તેમ જ સુગમ સ્વરૂપને મારા અંતરના વૈભવથી દર્શાવું છું, તેને તું તારા અનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજે. ૧૩.

* હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું તો પ્રભુ જ્ઞાયક છું, અનંત વિભૂતિથી ભરપૂર હું જ્ઞાયક ભગવાન આત્મા છું—એમ અંતરમાં સાચું આત્મભાન કરે તો તે અંતર્મુખતાના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે અને અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ સ્વાત્માનુભૂતિ પ્રાપ્ત થાય. ધર્મી જીવને સ્વાનુભૂતિ પ્રાપ્ત થયા પછી પણ રાગ તો આવે છે, પણ તે તેનો કેવળ જ્ઞાતા છે—સ્વામી નથી, તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. વાત જરા સૂક્ષ્મ છે. અનંત વાર જીવ જૈનનો શ્રાવક ને દ્રવ્યલિંગી સાધુ થયો, પણ રાગ રહિત, પૂર્ણાનંદથી ભરપૂર પોતાનું જે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેના પર કદી દૃષ્ટિ કરી નથી, તેનો અંતર્મુખ થઈને અનુભવ કર્યો નથી. ૧૪.

* સમયસારની ૧૪૨ મી ગાથાની ટીકામાં આવેલા ૭૦ મા કળશના ભાવાર્થમાં કહ્યું છે : આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. 'હું બદ્ધ છું' વગેરે વ્યવહારનયનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ, પણ 'હું અબદ્ધ છું, શુદ્ધ છું, અખંડ છું' એવા જે નિશ્ચયનયના વિકલ્પ ઊઠે છે તેનો પણ અમે નિષેધ કરીએ છીએ; કેમ કે સ્વરૂપમાં પેસવા માટે તે વિકલ્પો કાર્યકારી થતા નથી. આવા વિકલ્પો સુધી આવ્યો પણ 'તેથી શું?' તેમાં તારા આત્માને શો લાભ થયો? જ્યારે અંદર સ્વરૂપમાં પ્રવેશ કરે છે, આનંદના નાથનો અનુભવ કરે છે, ત્યારે તે બધા વિકલ્પો છૂટી જાય છે. ૧૫.

* ભગવાન આત્મા જ્ઞાયક — જાણનાર, જાણનાર, કેવળ જાણગ તત્ત્વ છે. પારિણામિકભાવ ન કહેતાં, તેને જ્ઞાયકભાવ કહ્યો, કેમ કે

પારિણામિકભાવ તો પરમાણુ વગરે બીજાં દ્રવ્યોમાં પણ હોય છે. આત્મા તો જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી પારિણામિકભાવ છે. તે ત્રિકાળી જ્ઞાયકભાવરૂપે પરિણમીને એટલે કે 'હું કેવળ જ્ઞાયક છું' એવાં શ્રદ્ધાજ્ઞાનરૂપે પરિણમીને ધ્રુવ જ્ઞાયક સ્વભાવના આશ્રયે વિશેષ સ્થિરતા થવાથી જે અકષાય સામ્યભાવ પ્રગટે છે તે મોક્ષનો દરવાજો છે. ૧૬.

* રાગ જીવની જ પર્યાયમાં થાય છે અને તેથી પ્રમાણ-અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય એક વસ્તુ હોવા છતાં, દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ અને ધ્રુવ જ્ઞાયકરૂપ છે અને રાગાદિ પર્યાય તો જીવવસ્તુનો ક્ષણિક વિભાવભાવ છે. માટે ધ્રુવ દ્રવ્ય અને ક્ષણિક વિભાવ પર્યાય વચ્ચે તદ્-અભાવસ્વરૂપ અન્યત્વ છે. બંને ભિન્ન છે. રાગાદિ વિભાવ તો ભિન્ન છે જ, પણ સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય પણ ત્રિકાળી ધ્રુવથી અતદ્-ભાવસ્વરૂપે ભિન્ન છે, કેમ કે એક સમયની નિર્મળ પર્યાયમાં આખું ધ્રુવ તત્ત્વ આવી જતું નથી, વર્તમાન પર્યાય જેવડું થઈ જતું નથી. ધ્રુવમાં જેટલું ભાવસામર્થ્ય છે તેટલું શ્રદ્ધાનમાં આવે, પણ મૂળ ધ્રુવ ચીજ ક્ષણિક પર્યાયરૂપ થાય નહિ. વસ્તુનો ધ્રુવ અંશ અને પલટતો અંશ સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન અપેક્ષાએ ભિન્ન છે. આહાહા! આવી વાત કોઈ દી સાંભળી ન હોય. ૧૭.

* જેમાં રાગ તો નહિ પણ અલ્પ જ્ઞાન પણ જેનો સ્વભાવ નથી એવો આ ભગવાન આત્મા પરમ આશ્ચર્યકારી અદ્‌ભુતાદ્‌ભુત ચૈતન્યમૂર્તિ છે. તે સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત અનંત ગુણોથી ભરપૂર ભર્યો પડ્યો છે. બધાં ક્ષેત્રે ને બધા કાળે તે આશ્ચર્યકારી ચૈતન્ય જિનપ્રતિમા અંદરમાં સદા બિરાજે છે. તેની બધા પડખેથી ઓળખાણ કર. પૂર્ણાનંદમય પ્રભુની ચારે બાજુથી—ઉપાદાન-નિમિત્તથી, નિશ્ચય-વ્યવહારથી, પ્રમાણ-નય-નિક્ષેપથી—પહેલાં બરાબર ઓળખાણ કરવી જોઈએ. નિશ્ચયથી—દ્રવ્ય-અપેક્ષાએ—આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે અને વ્યવહારથી—પર્યાય-અપેક્ષાએ—તે જ આત્મા અશુદ્ધ તેમ જ દુઃખી છે; આત્મા દ્રવ્ય તરીકે ધ્રુવ વસ્તુ છે અને તે જ આત્મા પર્યાય તરીકે પલટતી વસ્તુ છે; એ પ્રમાણે જેવું વસ્તુસ્વરૂપ છે એવું બધાં પડખાંથી

બરાબર ઓળખે. વસ્તુસ્વરૂપને બરાબર ઓળખ્યા પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદર આત્માનુભવમાં ઠરી જવું. આત્મા નિશ્ચયથી અબદ્ધ છે ને વ્યવહારથી બદ્ધ છે—એનો પ્રથમ સાચો નિર્ણય કરે; પરંતુ તે બંને નયપક્ષ વિકલ્પ છે, રાગ છે, તેનાથી આત્માનુભવ પ્રાપ્ત થતો નથી. એ પ્રમાણ-નય-નિક્ષેપ વગેરેનો પક્ષ છોડી અંતરમાં સ્થિર થઈ જવું, અભેદ આત્માને ધ્યેય બનાવીને મસ્ત થઈ જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. ૧૮.

* ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાનું કામ જે પર્યાય કરે છે તે પર્યાય ઉપરથી પણ લક્ષ ઉઠાવી લે. બધેથી લક્ષ ઉઠાવી લે તેમાં વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો પણ આવી ગયા, અને જે અંદરમાં જવાનું કામ કરે છે તે એક સમયની પર્યાય પણ આવી ગઈ. તે બધેથી લક્ષ ઉઠાવી ધ્રુવ જ્ઞાયકને પકડ. અધ્રુવથી—પલટતી પર્યાયથી—ધ્રુવને પકડ. અનિત્યથી નિત્યને પકડ, નિત્યથી નિત્ય પકડાતું નથી. તેની જે અનિત્ય પર્યાય છે તેને એવી ધીર અને ગંભીર બનાવ કે જેથી દ્રવ્યસ્વભાવને પકડી લે. વસ્તુસ્વરૂપ ઉપર દૃષ્ટિને લઈ જા; તે વગર સમ્યગ્દર્શન ક્યારેય નહિ થાય. ભાઈ! મારગ તો આવો છે. આ સિવાય લાખ વ્રત-તપ કરે, ભક્તિ, પૂજા કે યાત્રા કરે, કરોડો ને અબજો રૂપિયા ખરચીને મોટાં મોટાં મંદિરો બંધાવે, તોપણ તેના વડે કાંઈ આત્મા પકડમાં આવતો નથી. જો પૈસાથી ધર્મ થતો હોય તો બિચારા ગરીબોને રોવું પડે. બાહ્ય ક્રિયાકાંડ કે પૈસાને આધીન ધર્મ નથી; અંદર પાતાળમાં—દ્રવ્યસ્વભાવમાં—ભગવાન બિરાજે છે તેને પકડ તો સમ્યગ્દર્શન—ધર્મનું પ્રથમ સોપાન—પ્રાપ્ત થશે. ૧૯.

* એક સજ્ઝાયમાં આવે છે—'સહજાનંદી આતમા, તું સૂતો કાંઈ નિચિંત રે!...' પ્રભુ! તું આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ પરમાત્મા છો ને! તું આ અજ્ઞાન-અંધારામાં કેમ સૂતો છો? તારી ચીજ અંદર રાગ રહિત નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે તેને ભૂલી કેમ નિશ્ચિન્ત સૂઈ રહ્યો છો? જેમાં વિકલ્પનો પણ સહારો નથી એવો અતીન્દ્રિય સુખકંદ પ્રભુ આત્મા અંદર સહજ જ અને સુગમ જ છે. પરંતુ તેનો અભ્યાસ નહિ

હોવાથી તે દુર્ગમ લાગે છે. અરે! એક પરમાણુને પણ પોતાનો કરવા માગે તો તે પોતાનો થઈ શકે નહિ; પરંતુ જે પોતાની ચીજ છે તે તો પોતાને સહજ ને સુગમ જ હોય ને? એમ છતાં અભ્યાસે દુર્ગમ લાગે છે. સહજસ્વરૂપનો અભ્યાસ નથી, તે તરફ રુચિનું વલણ નથી, પરદ્રવ્યનો ને રાગાદિ વિકલ્પોનો મહિમા છે. તેમાં તને વિસ્મયતા લાગી, પણ તારી ચીજની વિસ્મયતા તેં છોડી દીધી; તેથી સહજાત્મસ્વરૂપ અતિ દુર્ગમ લાગે છે. ૨૦.

* જ્ઞાન-આનંદ આદિ અનંત વૈભવથી ભરપૂર હું જ્ઞાયકતત્ત્વ છું—એમ અંદરથી ભેદજ્ઞાન કરે, વ્યવહારના જે વિકલ્પો આવે તેનાથી પોતાને જુદો જાણે, ઘઉં અને કાંકરા જુદા પાડે એમ ભગવાન આત્માને રાગથી જુદો પાડે, તો તેના બળથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, વિકલ્પો છૂટે છે ને નિર્વિકલ્પતા થાય છે. શુભાશુભ રાગની વૃત્તિઓ ઊઠે તે હું નથી, હું તો અનંત જ્ઞાનાનંદસ્વરૂપ જ્ઞાયકપરમાત્મા છું—એવું ભેદજ્ઞાન કરે તો વિકલ્પ છૂટે અને અતીન્દ્રિય આત્માનંદ પ્રાપ્ત થાય. ૨૧.

* અહા! સહજ જ્ઞાયક નિજ તત્ત્વને સમજવાનો, નિર્ણય ને અનુભવ કરવાનો મોખ મનુષ્યપણામાં મળ્યો. જેમ ચિંતામણિની પ્રાપ્તિ દુર્લભ છે તેમ નિગોદમાંથી નીકળી ત્રસપર્યાયની પ્રાપ્તિ પણ અત્યંત દુર્લભ છે. એક શરીરમાં અનંત જીવ, તેમના જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમા ભાગે, તેમનાં દુઃખો તે સ્વયં વેદે અને માત્ર કેવળી જાણે, એક શ્વાસપ્રમાણ કાળમાં અઢાર વાર જન્મમરણ કરે—આમ જીવો અનંત અનંત કાળ સુધી નિગોદના ભવમાં જન્મમરણનાં દુઃખ ભોગવે છે. ત્યાંથી કોઈ જીવ બહાર નીકળી ચિંતામણિતુલ્ય દુર્લભ ત્રસપર્યાય પામે છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું તેની તને કિંમત નથી! મનુષ્યપણું વિષય ને ભોગ માટે નથી, વ્યાપારધંધા ને પાપ માટે નથી. ૨૨.

* અંદર ચૈતન્ય જ્ઞાયકદેવનો અભિપ્રાયમાં આશ્રય જેને થયો છે એવા જ્ઞાનીને અથવા તો સ્વભાવનો આશ્રય જેને પ્રાપ્ત કરવો છે એવા સાચા આત્માર્થીને સ્વભાવ સમજવામાં નિમિત્ત એવાં વીતરાગ દેવ-શાસ્ત્ર-

ગુરુના મહિમાનો શુભ રાગ આવે; પૂજા-ભક્તિ તથા વ્રતાદિ વ્યવહારનયનો વિષય છે તો ખરો, નથી જ એમ નથી, પણ તે ભાવ રાગ છે, સંસાર છે, તેનો આશ્રય કરવા લાયક નથી; તે ઉપાદેય નથી, હિતકર નથી, હેય છે. અરેરે! ક્યારે આ તત્ત્વ સાંભળવાનું મળે? મનુષ્યભવ તો ચાલ્યો જાય છે, આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે તેની કોને ખબર છે? ૨૩.

* સર્વજ્ઞદેવે તારું પરમેશ્વર-સ્વરૂપ બતાવ્યું છે. તારા સ્વરૂપમાં જ્ઞાન, આનંદ આદિ જે અનંત ગુણો છે તે આશ્ચર્યકારી છે. તું બીજાને આશ્ચર્ય, વિસ્મય અને કુતૂહલથી જુએ છે, પણ અંતર પરમાત્મા બિરાજે છે તેના જે આશ્ચર્યકારી અનંત ગુણો, એક એક ગુણની અનંત પર્યાય, એક એક પર્યાયની અનંતી તાકાત વગેરે વિસ્મયકારી નિજ વૈભવને કુતૂહલથી જોતો નથી. અરે ભાઈ! તું પ્રભુ છો. તારી શક્તિઓ તો બધી નિજ પ્રભુતાથી ભરેલી છે, તેની તને ખબર નથી. અનંત અનંત શક્તિથી ભરપૂર એવા તારા અભેદ દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ કર; બાકી બધું થોથાં છે. કેટલી ડિગ્રીઓ મેળવી? કેટલા રૂપિયા ભેગા કર્યા? તે કોઈ ચીજ નથી. જે ચીજ તારામાં નથી તેનો તને વિશ્વાસ છે; તને રાગનો વિશ્વાસ, શરીરનો વિશ્વાસ, દવાનો વિશ્વાસ છે; પણ તને તારો વિશ્વાસ નથી. ૨૪.

* અનાદિ કાળથી આત્માની લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન ને આનંદ પ્રગટે જ; અંદર ધ્રુવ પાતાળમાંથી જ્ઞાન ને આનંદ ફૂટે જ, નીકળે જ. શાસ્ત્રનું ભણતર એ કાંઈ જ્ઞાન નથી. અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થતાં જે નિર્મળ જ્ઞાનધારા આવે—તેની સાથે અતીન્દ્રિય આનંદ પણ આવે—તેને જ્ઞાન કહેવામાં આવે છે. અંદરથી લગની લાગે તો એ નિર્મળ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યા વિના રહે જ નહિ. ૨૫.

* ધ્રુવ જ્ઞાયક સત્ત્વ જેનું તળિયું છે એવા પ્રભુ ભગવાન આત્મામાં વર્તમાન પર્યાયને ઊંડાણમાં લઈ જઈને ત્રિકાળી ધ્રુવ સ્વરૂપની ઊંડાણમાંથી લગની લગાવે, તે તરફનો પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. ૨૬.

* આમ તો આવે છે ને—'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ'...'નાંહી એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય?' એ તો શિષ્યનો

વિનયભાવ છે. સત્‌ની જિજ્ઞાસાવાળાને એવી નમ્રતાના ભાવ હોય છે. પર્યાયમાં દોષ છે એમ ત્યાં બતાવવું છે. મારી પર્યાયમાં દોષ છે—એમ જાણે-માને નહિ તો દોષ રહિત નિજ જ્ઞાયક ભગવાનને કઈ રીતે જાણે-માને? અહીં તો, પર્યાયમાં પોતા થકી દોષ છે એવો જેને સ્વીકાર છે તેને બતાવે છે કે, ભગવાન આત્મા સ્વભાવે તો દોષનું આયતન છે જ નહિ; તે તો ચારે તરફ અનંત ગુણોનું જ આયતન છે. શ્રીમદે એક ઠેકાણે એવા આશયનું લખ્યું છે કે—પ્રભુ સર્વગુણસંપન્ન છે પણ એના અપલખણનો પાર નથી...અહીં એમ કહેવું છે કે તું તારી ચીજને—ત્રિકાળી પરિપૂર્ણ પ્રભુતાને—માનતો નથી અને પર્યાય ને રાગાદિ જેટલો જ પોતાને માને છે, એ તારું અપલક્ષણ છે. અહા! આવો માર્ગ છે; પરંતુ અરેરે! જીવ અનાદિ કાળથી લૂંટાઈ રહ્યો છે. એ રાગના રસિયાને પ્રથમ તો પોતાના વસ્તુસ્વરૂપની ખબર નથી, સંસારની જંજાળ આડે સાંભળવાને નવરો થતો નથી. નવરો થઈને માંડ સાંભળવા જાય ત્યાં કુગુરુ તેનો સમય લૂંટી લે છે. ત્યાં તેને અંતર આત્મદૃષ્ટિ કરવાની વાત તો મળી નહિ અને વ્યવહારથી—દાન-પૂજા કે વ્રતાદિ કરવાથી—કલ્યાણ થશે, એમ બાહ્ય ક્રિયાકાંડની દૃષ્ટિનું પોષણ મળ્યું. કુગુરુએ એનો સમય લૂંટી લીધો. ૨૭.

❀ તારી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ ઝૂકેલી છે તેને, પ્રથમ શ્રુતજ્ઞાનના બળ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો દૃઢ નિર્ણય કરીને, અંદર જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રભુ બિરાજે છે ત્યાં વાળ, તેની સન્મુખ કર. એમ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે. ભાઈ! પહેલાં તો ભવનો ડર હોવો જોઈએ. ભવભીત જીવને જ્ઞાની ગુરુ કહે છે: ભાઈ! તારી ચીજ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત એવી ને એવી અંદર પડી છે. એક વાર પ્રસન્ન થઈ જો કે—અહા! આવી ચીજ મેં ક્યારેય નજરમાં લીધી નહોતી. પર્યાયની સમીપ અંદર પ્રભુ બિરાજે છે ત્યાં નજરને—મતિ-શ્રુતની પર્યાયને—લઈ જા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવી દે, તો તને આત્માનાં દર્શન થશે; અને તને વિસ્મય થશે કે—'ઓહો! આ હું? આવા આત્માનાં દર્શન માટે મેં કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.' ૨૮.

* વ્રત, નિયમ અને તપના—શુભ રાગના—અભ્યાસથી આત્મા જાણવામાં આવતો નથી. હું તો માત્ર દ્રષ્ટા-જ્ઞાતા છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી, જ્ઞાયક તરફનો ઝુકાવ કરવાથી, અંતરમાં જ્ઞાતાપણું પ્રગટ થતાં આત્મા જાણવામાં આવે છે અને પર ને રાગનું કર્તાપણું છૂટે છે. સમ્યગ્દર્શન કરવાની આ વિધિ છે. હું કેવળ જાણનાર-દેખનાર છું—એવો અન્તર્મુખ અભ્યાસ વારંવાર કરવાથી પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ થાય છે, અને ત્યારે પરનું કર્તાપણું છૂટે છે; રાગનો વિકલ્પ છે તેનું પણ કર્તાપણું ત્યારે છૂટે છે. અજ્ઞાની પોતાના જ્ઞાતાસ્વભાવનો અજાણ છે. તે શરીર આદિ પરની ક્રિયા તો કરી શકતો નથી; પરંતુ તે જ્ઞાતાપણાના અભ્યાસથી રહિત છે તેથી વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ બહારની ક્રિયાઓનો તથા પુણ્ય-પાપના વિકારી ભાવ જે પોતાનો સ્વભાવ નથી તેનો, તે કર્તા થાય છે. એકલા શાસ્ત્રજ્ઞાનના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતું નથી, અને વ્રત, નિયમ, ભક્તિ ને પૂજાના ઢગલા કરે તોય તેને આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણું પ્રગટ થતું નથી. અહા! આવી વાત છે પ્રભુ! ૨૯.

* આ ભગવાન જ્ઞાયક આત્મા સ્વભાવે તો અતીન્દ્રિય અમૃતસ્વરૂપ છે જ. અરે! આ કેમ બેસે? જ્યાં એક અડદની દાળ સરખી સદડી ન થઈ હોય ત્યાં પિત્તો ખસી જાય ને કષાયના આવેશમાં આવીને બાયડી ઉપર ઢીંચણિયું ફેંકે એવા જીવને, અંદર જ્ઞાયક ભગવાન આનંદામૃતથી ભરપૂર છે એ વાત કઈ રીતે સમજાય? પ્રભુ! આ તને શું થયું? તારાં અપલખણ તો જો! તું કોણ છો? તારું સ્વરૂપ શું છે?—એ તો તું જોતો નથી. પર ચીજનું આત્મા કાંઈ કરી શકતો નથી, પણ 'પરનું કરી શકું છું' એમ માનીને તું ત્યાં ને ત્યાં રોકાઈ ગયો. તું અકર્તાસ્વભાવી—જ્ઞાયકસ્વભાવી—તારા ધ્રુવ સ્વભાવને જોવાને નવરો થતો નથી! ભાઈ! તારી બહારની વિદ્વત્તાનાં અભિમાન એક વાર છોડી દે અને અંદર પૂર્ણાનંદપ્રભુ ઉપર તારી નજર લગાવી દે. તું સ્વભાવે મુક્તસ્વરૂપ તો છો જ, પણ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પણ અંશે મુક્તદશા પ્રગટ થશે. સમ્યગ્દર્શન થતાં જે મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાયથી મુક્ત થયો તેને શ્રદ્ધા-અપેક્ષાએ મોક્ષ થયો કહેવાય છે. ૩૦.

* રાગાદિથી ભિન્ન સહજ જ્ઞાન, સહજ આનંદ આદિ અનંત ગુણમય નિજ આત્માના ત્રિકાળી અખંડ ધ્રુવ સ્વરૂપનો ગુરુગમે અંતરમાં બરાબર નિર્ણય કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, જ્ઞાયકસ્વભાવમાં ઊંડું અવગાહન કર, દ્રવ્યસ્વભાવના પાતાળમાં પહોંચી જા. ત્યાં તને કોઈ અદ્ભુત અતીન્દ્રિય આત્માનુભૂતિ થશે. જ્યાં સુધી આત્મા યથાર્થપણે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ઉપયોગ સ્થૂલ છે; આત્મા ખ્યાલમાં આવે તે ઉપયોગ સૂક્ષ્મ છે. અગિયાર અંગનો પાઠી હોય પણ અંદર આત્માનું યથાર્થ સ્વરૂપ સાનુભવ ખ્યાલમાં ન આવે તો તેનો પણ સ્થૂલ ઉપયોગ છે. સ્થૂલ એવા વ્રતાદિના મંદ કષાયમાં તે અટકી ગયો છે, સૂક્ષ્મ એવા જ્ઞાનસ્વભાવની તેને પ્રતીતિ થઈ નથી. ૩૧.

* આ ભગવાન આત્મા ઊંડે ઊંડે ધ્રુવ તળમાં કેટલી શક્તિ ધરાવે છે?—કે અપરિમિત અનંત, જ્ઞાન, આનંદ આદિ અનંત-અનંત ગુણનો ભંડાર એવા એ નિજ જ્ઞાયક ભગવાનનો સાચો મહિમા પર્યાયમાં જેને બરાબર ખ્યાલમાં આવે છે તે રાગાદિ વિભાવથી એટલો બધો થાકી જાય છે કે 'મારે પૂર્ણાનંદસ્વરૂપ મારા નાથ સિવાય બીજું કાંઈ જોઈતું નથી' એમ અંદરમાં પાકી દૃઢતા કરી 'માત્ર જ્ઞાયક દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે. અરે! દુનિયા પ્રશંસા કરે કે નિંદા કરે,—એ તો જગતની ચીજ છે. તેની સાથે મારે શો સંબંધ છે? આત્મસ્વભાવનો અદ્ભુત મહિમા બરાબર સમજાતાં મુમુક્ષુ જીવ અંતરમાં સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે એક મારું આત્મદ્રવ્ય જ જોઈએ છે, બીજું કાંઈ જ જોઈતું નથી—પૂર્ણાનંદસ્વરૂપ જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તે એક જ જોઈએ છે' એવી અંદર દૃઢતા કરીને બસ, 'જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તે જ હું છું, શરીરાદિ પરવસ્તુ કે રાગાદિ પરભાવ તે હું નથી, દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ કે એક સમયની અધૂરી-પૂરી પર્યાય મારું ત્રિકાળી સ્વરૂપ નથી, અરે! જ્ઞાનાદિ ગુણભેદરૂપ પણ હું નથી, અનંત ગુણોનો સાગર એક શુદ્ધ અભેદ ભગવાન તે જ હું છું' એવા ભાવરૂપે તે પરિણમી જાય છે—સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ નિર્મળ ભાવે પરિણમી જાય છે. એક શુદ્ધ દ્રવ્યસ્વભાવ તે જ હું છુ, તે જ મારે જોઈએ છે—એવી

દઢતા કરીને તે ભાવરૂપ પોતે પરિણમી જાય છે અને બાકી બીજું બધું કાઢી નાખે છે. ચાહે તો શુભ રાગ હો કે ક્ષાયોપશમિક જ્ઞાન હો, તે બધું ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને કાઢી નાખે છે. જીવ જ્યારે પર્યાય દ્વારા પર્યાયનો આશ્રય છોડી દે છે અને એકલા ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. ૩૨.

* દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ—એ જીવને પરિભ્રમણ કરવાનાં પાંચ પરાવર્તન છે. પ્રભુ! તારા—જ્ઞાયકદેવના—શરણે આવવાથી તે પંચપરાવર્તનનાં દુઃખનો અંત આવે છે. પંચપરાવર્તનમાં ભવ ને ભાવ બંને આવી ગયા. ભાવમાં શુભ ને અશુભ બંને આવી ગયા. તે બંને કર્મચક્ર છે. પ્રભુ! અંદર તારી ચીજ એવી છે કે તેના શરણે આવવાથી રાગનો પ્રેમ ને મહિમા છૂટી જાય. પ્રભુ! તારા સ્વભાવમાં જા, તો તારા પરિભ્રમણનો અંત આવી જશે. તારા સ્વભાવના શરણે જવાથી શુભાશુભ ભાવપરાવર્તનનો અંત આવી જશે. ૩૩.

* જ્ઞાનીને, 'હું તો અખંડ જ્ઞાનાનંદમય એક પરિપૂર્ણ વસ્તુ છું' એમ અભેદ ત્રિકાળી નિજ જ્ઞાયકતત્ત્વમાં જ દૃષ્ટિ પડી છે; પર્યાયમાં ભલે રાગમય ભાવ આવે, તોપણ અંદર શ્રદ્ધાનું જોર ધ્રુવ જ્ઞાયક પર જ હોય છે; ધ્રુવ ધ્યેય પરથી દૃષ્ટિ જરા પણ ખસતી નથી, હઠતી નથી. 'હું તો અભેદ જ્ઞાનાનંદમય છું'—ત્યાં 'જ્ઞાન ને આનંદવાળો છું' એમ પણ નહિ; એ તો ભેદ થઈ ગયો. ધર્મીની દૃષ્ટિ તો અંદર અતીન્દ્રિય જ્ઞાનાનંદમય અભેદ જ્ઞાયક ઉપર જ સદા હોય છે. ૩૪.

* અંતરમાં શુભાશુભ ભાવ તેમ જ અન્ય પર્યાય ઉપરથી પરિણામ હઠાવી તેને અંદર સ્વભાવના મહેલમાં જ્યાં ભગવાન આત્મા બિરાજે છે ત્યાં લગાડ. રાગ તો આંધળો છે એમાં ભગવાન નથી, પણ પર્યાય જે નિજ વસ્તુનો જ એક અંશ છે તેમાં પણ આખો ભગવાન નથી. ત્રિકાળી જ્ઞાયકમાં—જાગૃત સ્વભાવમાં—ભગવાન આત્મા છે, તેમાં નિવાસ કર; ત્યાં જા. ૩૫.

* અશુદ્ધતાની પર્યાય પોતાના ઊંધા પુરુષાર્થના જોરથી પોતે કરે છે, ત્યારે સામે નિમિત્તપણે એક પરમાણુ હોતો નથી, પણ અનંત કર્મ-

પરમાણુ હોય છે. એક ડાકુ સામે બસો સિપાહી રાખવા પડે તે, ડાકુનું જોર સૂચવે છે કે સિપાહીનું ? તેમ જીવના એક વિભાવપરિણામ સામે નિમિત્તપણે અનંત કર્મપરમાણુ છે તે, જીવનું જોર સૂચવે છે કે કર્મ-પરમાણુનું ? નિમિત્તના જોરની વાત નથી. કર્મનું જોર આત્મા ઉપર જરા પણ નથી. નિમિત્તથી વિકાર થાય છે એમ છે જ નહિ; નિમિત્તથી થાય તો તે સ્વયં ઉપાદાન થઈ જાય, પણ એમ તો બનતું નથી. પોતે ભલે એક છે, પણ પોતાની શક્તિ અનંતી છે. અનંત શક્તિશાળી નિજ જ્ઞાયક પ્રભુની દૃષ્ટિ તથા તેમાં સ્થિરતા કરવાથી પર્યાયમાં રહેલી અશુદ્ધતાનો તથા તેમાં નિમિત્તરૂપ જે અનંત કર્મપરમાણુ હતા તેનો પણ નાશ થઈ જાય છે; કર્મની પર્યાય અકર્મરૂપ થઈ જાય છે. ૩૬.

* દેવ-શાસ્ત્ર-ગુરુ પણ તારા માટે પર છે; તેના આશ્રયે—લક્ષે પણ આત્મા પ્રાપ્ત થતો નથી; માટે તેનું લક્ષ છોડી દે. અંતરમાં જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ આત્મા બિરાજે છે તેનું લક્ષ કર, તે એકને જ ગ્રહણ કર. તારા પરિણામને ત્યાં અંદર લઈ જા, તેથી તને પર્યાયમાં જ્ઞાનાનંદની પ્રાપ્તિ થશે. ૩૭.

* કોઈ વ્યક્તિ હાથીનું કે અશ્વનું રૂપ લઈને આવે, વેશપલટો કરે તોપણ જોનારને કુતૂહલ ઊપજે; પરંતુ જીવે પોતાના ત્રિકાળી જ્ઞાયક ભગવાનનાં દર્શન માટે ક્યારેય સાચું કુતૂહલ જ કર્યું નથી. કુતૂહલ એટલે કૌતૂક, જિજ્ઞાસા, આશ્ચર્ય, મહિમા. અહા ! રાગના પડદા પાછળ અંદર આ ત્રિલોકીનાથ જ્ઞાયક બાદશાહ શી ચીજ છે તેને પ્રેમપૂર્વક જોવાનું સાચું કુતૂહલ જ જીવે કદી કર્યું નથી—વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ પ્રભુની વિસ્મયતા આવી નથી. ૩૮.

* સમયસારની ટીકામાં—ચોથા કળશમાં—'**जिनवचसि रमन्ते**' કહ્યું છે. જે જિનવચનમાં રમે છે તે શીઘ્ર પરમ જ્ઞાયકજ્યોતિરૂપ નિજ સમયસારને અનુભવે છે. જિનવચનમાં શું કહ્યું છે ? ત્રિકાળ જિનસ્વરૂપી જ્ઞાયક પ્રભુ કે જેમાં ઉદયભાવનો સંગ નથી ને વ્યવહાર કે વિકલ્પની ગંધ નથી તે જિનવચનમાં ઉપાદેયપણે કહ્યો છે. બધાં શાસ્ત્રોમાં ત્રિકાળ સત્-લક્ષણવાળા નિજ આત્માનું—વીતરાગસ્વરૂપ નિજ જ્ઞાયકભાવનું—

લક્ષ કરવાનું કહ્યું છે. આ વીતરાગસ્વરૂપ જ્ઞાયક આત્માનો જ પરિચય રાખજે; કેમ કે પ્રભુની આજ્ઞા વીતરાગતા પ્રગટ કરવાની છે. વીતરાગ સ્વભાવનો અંશે આશ્રય થતાં પર્યાયમાં અંશે વીતરાગતા પ્રગટ થશે અને તે વીતરાગ પર્યાય, સ્વભાવનો પૂર્ણ આશ્રય થતાં, પૂર્ણ વીતરાગતાનું કારણ થશે. ૩૯.

* રાજકુમારો—ચક્રવર્તીના પુત્રો—પૂર્ણ સુખસાહેબીમાં ઊછરેલા હોય, તે પણ, જ્યારે સમ્યગ્દર્શન સહિત આત્માનો વિશેષ અનુભવ કરવા માટે વનમાં ચાલી નીકળે છે ત્યારે, કહે છે: 'માતા! મને ક્યાંય ગોઠતું નથી, મને જ્યાં ગોઠે છે ત્યાં—મારા સ્વરૂપમાં—હું જવા માગું છું. મારો નાથ—ભગવાન આત્મા—અતીન્દ્રિય આનંદથી ભરેલો છે, તેમાં આવરણ, અશુદ્ધિ કે અધૂરાપણું નથી. મારો જ્ઞાયકપ્રભુ પૂર્ણાનંદનો નાથ છે, તેના આનંદને લૂંટવા માટે—અનુભવવા માટે હું તો જાઉં છું.' આહાહા! મુનિપણું તો આવું છે બાપુ! મુનિને બહાર આવવું પડે તો બોજો—ઉપાધિ લાગે છે. ૪૦.

* ભાઈ! આ મનુષ્યભવ અમૂલ્ય છે. તેનો એક સમય પણ કૌસ્તુભમણિ કરતાં પણ મહા મૂલ્યવાન છે. પોતાનું હિત કરવા આ અવતાર છે. આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે. શરીરમાં રોગ આવે, ઇન્દ્રિયો હીણી પડી જાય, માંડ માંડ અક્ષરો દેખાય, બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય—એ પહેલાં તું તારા આત્માનું કામ કરી લે ને પ્રભુ! ભાવપ્રાભૃતમાં કહ્યું છે કે—

> રે! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,
> બળ ઇન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી.

જ્યાં સુધી ઘડપણ ઘેરી ન વળે, રોગરૂપી અગ્નિ કાયારૂપી ઝૂંપડીને બાળે નહિ, ઇન્દ્રિયો નબળી પડે નહિ, તે પહેલાં પ્રભુ! તું તારું હિત કરી લે. ગમે તેવા વિકટ પ્રસંગમાં તું તારું કામ કરી લે, વાયદા કરીશ તો પછી નહિ થાય. માટે ગમે તેમ કરીને તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે. સમજાણું કાંઈ? બહારના સંયોગમાં મોટા ફેરફાર થઈ જાય—

ચારે બાજુએ આફતથી—દુઃખથી ઘેરાઈ ગયો હોય; અરે પ્રભુ! તું ક્યાં અટકી ગયો? એવા સમયમાં પણ તું તારાં જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેજે. આવો મનુષ્યભવ ફરી ફરી નહિ મળે. ૪૧.

* પોતાના પરિણામની ધારાનો પોતાને અંતરમાં ખ્યાલ આવી જાય, બરાબર ખ્યાલ આવી જાય, અને બીજો જ્ઞાની જીવ પણ તેને જાણી શકે. 'ધવલા' ટીકામાં મતિજ્ઞાનના ભેદની—અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાની—વ્યાખ્યા આવી છે. ત્યાં એમ કહ્યું છે ઈહાજ્ઞાનમાં 'સામો જીવ ભવ્ય છે કે અભવ્ય' એવી જિજ્ઞાસાના નિર્ણયરૂપ અવાયજ્ઞાનમાં 'તે ભવ્ય જ છે, કેમ કે તેને સમ્યક્ રત્નત્રયનો સદ્ભાવ છે' એમ એક જીવ બીજા જીવની ભવ્યતાનો નિર્ણય બરાબર કરી શકે છે. ભાઈ! જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે, તે શું ન જાણે? બહારમાં દ્રવ્યલિંગ સાચું હોય અને અંદરમાં મિથ્યાત્વની ભૂલ હોય તો જ્ઞાનીના ખ્યાલમાં આવી પણ જાય; છતાં બીજાને કહે નહિ; કારણ કે જો તેની પ્રરૂપણા ચોખ્ખી ચાલતી હોય, ભલે અંદર અનુભવ ન હોય પણ આચરણ આગમ પ્રમાણે નિર્દોષ હોય તો એને પણ વ્યવહારથી પૂજનીક કહેવામાં આવે છે. પરંતુ, દયા, દાન, વ્રત, તપ કરો, તે કરતાં કરતાં કલ્યાણ થઈ જશે—એમ જેની પ્રરૂપણા તથા શ્રદ્ધા જ પ્રગટપણે જૂઠી છે તેને દર્શનમોહનીયનો ક્ષયોપશમ હોઈ શકે નહિ. અહા! ભારે વાત બાપુ! ૪૨.

* જ્ઞાનલક્ષણ આત્મા સ્વભાવે રાગથી ભિન્ન જ છે. ખાણમાં જેમ પથ્થરો વચ્ચે સાંધ—લીટી જેવી પાતળી રગ હોય છે, તે રગમાં દારૂ ભરીને ફોડવામાં આવે છે અને સેંકડો મણના મોટા મોટા પથ્થરો જુદા પડી જાય છે; તેમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને વિભાવસ્વરૂપ રાગ વચ્ચે સંધિ છે, નિઃસંધિ ક્યારેય થઈ નથી. આત્માનું ચૈતન્યદળ અને શુભાશુભ રાગ—ભલે ને તીર્થંકરનામકર્મ બંધાય એવો શુભ રાગ હોય—તે બન્ને વચ્ચે સાંધ છે; ત્રિકાળી વીતરાગ સ્વભાવ અને રાગ કદી પણ એક થયા જ નથી. અનાદિ રાગમાં સ્વપણાના અભ્યાસને કારણે અજ્ઞાનીને એક લાગે છે, પણ આત્મા અને રાગ ક્યારેય એક થયા જ નથી; માને તોપણ એક થયા નથી. પોતપોતાના નિયત લક્ષણથી બંને જુદા જ છે. ૪૩.

* ભગવાન નિજ જ્ઞાયક પ્રભુ જે સ્વતઃસિદ્ધ છે તે તો સુગમ જ હોય ને? તેને પ્રાપ્ત કરવામાં ફક્ત દૃષ્ટિનો પલટો થવો જોઈએ. જેને રાગની રુચિ છે તેને આખા સંસારની રુચિ છે. રાગનો કર્તા થયો તેણે 'આખી દુનિયાનો કર્તા છું'—એમ માન્યું. અહા! તે માન્યતા પરસંગનો આશ્રય કરવાથી થઈ છે. પરસંગનો આશ્રય છોડી પોતે પોતાના અસંગ સ્વરૂપે સ્વતંત્રપણે છૂટો રહી શકે છે. આત્મા અસંગ ચીજ છે તેનો સંગ કરવો; રાગાદિ તો પોતાની મૂળ ચીજમાં છે જ નહિ, માટે તેનો આશ્રય છોડવો. પોતાના અસંગ સ્વભાવને પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને? ૮૮.

* લક્ષ્મી મળવી તે પુણ્યનું ફળ છે. તેમાં આત્માને શું? પૈસાની સમૃદ્ધિથી પોતાને મોટો માનનાર ભિખારી છે, રાંકો છે. એક વાર એક રાજા વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા ત્યારે કહ્યું હતું : રાજન્! ઝાઝું માગે તે મોટો માગણ, થોડું માગે તે નાનો માગણ. વેપારી લાખની તૃષ્ણા કરે તે નાનો માગણ અને રાજા કરોડો ને અબજોની તૃષ્ણા કરે માટે તે મોટો માગણ; સરવાળે બધા માગણ, ભિખારા ને રાંકા જ છે. પોતાની ચૈતન્યલક્ષ્મીની જેને ખબર નથી અને જડની લક્ષ્મીની—પૈસા દો, આબરૂ દો, બાયડી દો એમ—ભીખ માગે છે તેને શાસ્ત્રમાં 'वराकाः' કહ્યા છે. ભાઈ! આ બહારની લક્ષ્મી તો ધૂળ છે, અંદર ભગવાન આત્મામાં જ્ઞાનાનંદમય ચૈતન્યલક્ષ્મી પડી છે તેની તને કિંમત નથી. તારી ચૈતન્યમય સંપદાની શી વાત! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-આનંદ, અનંતવીર્ય—એવી અનંત અનંત ગુણલક્ષ્મી તારા ચૈતન્યખજાનામાં ભરી પડી છે. ભગવાન જ્ઞાયક આત્મા છે તો શરીરપ્રમાણ આટલા ક્ષેત્રમાં, પણ તેના ગુણોની સંખ્યામાં એટલી અનંતતા છે કે અનંતનો અનંત વડે અનંત અનંત અનંત વાર ગુણાકાર કરો તોપણ કદી તે ગુણોની અનંતતાને પહોંચાતું નથી. અહા પ્રભુ! આત્મા શી ચીજ છે! આત્મામાં જ્ઞાન આનંદ આદિની અનંતી અનંતી લક્ષ્મી પડી છે તેની તને ખબર નથી. ૮૫.

* દ્રવ્યસામાન્ય વર્તમાન વર્તતી પર્યાયને સ્પર્શતું નથી. પર્યાયરૂપ

થઈ જતું નથી; અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન વગેરે પર્યાય દ્રવ્યસામાન્યને સ્પર્શતી નથી, દ્રવ્યરૂપ થઈ જતી નથી; માટે આત્મદ્રવ્ય અવ્યક્ત છે. ત્રિકાળી જ્ઞાયકના આલંબન વડે સમ્યગ્દર્શન થયું, અંદરમાં મોક્ષનો માર્ગ પ્રગટ થયો, વીતરાગી પર્યાય પ્રગટ થઈ—એ બધી પર્યાયો ધ્રુવ સામાન્યને સ્પર્શતી નથી, ધ્રુવરૂપ થઈ જતી નથી,—માટે ધ્રુવ જ્ઞાયક આત્મા 'અવ્યક્ત' છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન અને સ્વરૂપરમણતા થાય છે. સાધક દશા વધતી જાય છે. ૪૬.

* ત્રિકાળ એકરૂપ ધ્રુવ જ્ઞાયકભાવ કે જેમાં પર્યાયરૂપ વિશેષો પણ નથી, તે સામાન્ય અભેદ દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ લગાવી દે; શ્રદ્ધામાં ને જ્ઞાનમાં તેને ગ્રહણ કર. આકરી વાત છે. ધર્મ કેવી રીતે થાય તે કોઈ દિવસ યથાર્થપણે સાંભળ્યું પણ નથી. શુદ્ધ ચિદાનંદઘનસ્વરૂપ ત્રિકાળી દ્રવ્યસ્વભાવને જ્ઞાનમાં કીમતીભાવે ગ્રહણ કરવાથી, શ્રદ્ધામાં તેનો આશ્રય લેવાથી, પહેલાં સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆત—થાય છે. ૪૭.

* અરેરે! જેના ઉપર જીવને અત્યંત પ્રેમ છે એવું આ શરીર ખરેખર કેવળ વેદનાની મૂર્તિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપાહુડમાં કહે છે: એક તસુમાં ૯૬ રોગ તો આખા શરીરમાં કેટલા? વિચાર તો કર પ્રભુ!—આ શરીર તો જડ છે, વેદનાની મૂર્તિ છે. ભગવાન જ્ઞાયક આત્મા આનંદની મૂર્તિ છે, ચૈતન્યચમત્કારથી ભરપૂર મહાપ્રભુ છે કે જેની પૂર્ણ પર્યાય પ્રગટ થતાં ત્રણ કાળ ને ત્રણ લોકને યુગપદ દેખે. એવી અનંતી પૂર્ણ પર્યાયની તાકાતનો પુંજ એવો જ્ઞાનગુણ, એવી અનંતી શ્રદ્ધાપર્યાયની તાકાતનો પિંડ એવો શ્રદ્ધાગુણ, એવી અનંતી સ્થિરતાપર્યાયની તાકાતનું દળ એવો ચારિત્રગુણ, પૂર્ણ આનંદની પર્યાયનું ધ્રુવ તળ એવો આનંદગુણ —આવા અનંત અનંત ગુણો પરિપૂર્ણ તાકાત સહિત અંદર ભગવાન આત્મામાં પડ્યા છે. અહા! આ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવના અવલંબનથી કેવળજ્ઞાન આદિ પરિપૂર્ણ પર્યાય પ્રગટ થશે. મોક્ષમાર્ગ કે જે અપૂર્ણ પર્યાય છે તેના આશ્રયે પણ પરિપૂર્ણ પર્યાય પ્રગટ નહિ થાય. પૂર્ણ જ્ઞાનાનંદની શીતળ પાટ—ધ્રુવ દ્રવ્યસ્વભાવ—અંદર સદા વિદ્યમાન છે. તેનો આશ્રય કરીશ તો સમ્યગ્દર્શન થશે, તેનો ઉગ્ર આશ્રય કરીશ તો ચારિત્ર થશે

અને તેના પૂર્ણ આશ્રયથી કેવળજ્ઞાન આદિની પૂર્ણ દશા પ્રગટ થશે. છૂટવાનો માર્ગ આવો છે ભાઈ! ૪૮.

* સમકિતી ધર્મીજીવ પોતાની દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે છે, દૃષ્ટિ ધ્રુવ સ્વભાવમાં ટકાવે છે, ધ્રુવ આત્મા પર જોર દે છે. સમ્યગ્દૃષ્ટિ તેને કહેવાય કે જેણે ધ્રુવ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિનો દોર લગાવી દીધો છે; પછી ભલે વિકલ્પ આવતો હોય પણ દૃષ્ટિ તો ધ્રુવ સ્વભાવ ઉપર જ છે. તે જરાય ત્યાંથી ખસતી નથી, હલતી નથી. પ્રભુ! તારે કલ્યાણ કરવું હોય તો સંયોગ ઉપરથી લક્ષ છોડી દે, દયા-દાનના વિકલ્પ ઉપરથી દૃષ્ટિ છોડી દે, એક સમયની પર્યાય ઉપરથી પણ લક્ષ છોડી દે અને ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય ભગવાન પર દૃષ્ટિનો દોર લગાવી દે. કેવી રીતે લગાવાય? તારી વર્તમાન ઊપજતી પર્યાયને ત્યાં ધ્રુવ જ્ઞાયકમાં જોડી દે. કેવી રીતે જોડાય? અંતર્મુખ થઈને જોડી દે. અંતર્મુખ કેમ થવાય? એ તો અંતર્મુખ થવાવાળો પોતે કરે કે બીજો કોઈ કરી દે? પોતાની જે વર્તમાન પર્યાય પર તરફના લક્ષવાળી છે તે છોડી દે ને ત્રિકાળ જ્ઞાયકભાવ પર દૃષ્ટિને જોડી દે. હવે, 'જોડી દે' એમ કહ્યું તો કેવી રીતે જોડાય? શું કહીએ ભાઈ? અનુભવ કેવી રીતે થાય એ વાત અત્યારે ચાલતી નથી, પણ સમયસાર-કલશટીકામાં એમ કહે છે કે 'હું શુદ્ધ જ્ઞાયક છું' એમ જ્ઞાનનું જે પરિણમન થાય છે તે અનુભવ છે. ભગવાન આત્મા કે જે પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ચીજ છે તેમાં અંતર્મુખ દૃષ્ટિ થવી, તેનો અનુભવ થવો તેને સ્વભાવ તરફ દોર લગાવી દીધો એમ કહેવાય છે. ભાષામાં વિશેષ શું આવે? ૪૯.

* ભગવાન ચૈતન્યદેવ જ્ઞાનાનંદની પૂર્ણતાથી ભરેલો અદ્ભુત જ્ઞાયક પદાર્થ છે. તેમાં રાગ તો નથી પણ અપૂર્ણતા પણ નથી. તે જ્ઞાયક-આત્માની અંદર જવું અને અતીન્દ્રિય આનંદમય આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો—મુનિઓનો વિષય છે. વ્યવહારરત્નત્રયનો શુભ રાગ એ પણ અમારો વિષય નથી, કેમ કે તે શુભભાવ આસ્રવ છે, બંધનું કારણ છે. ચૈતન્યપ્રભુ અંદર મહા સંપદાથી ભરેલો છે. રૂપિયા, હીરા-માણેક તો આત્માની સંપદા નથી, પણ પુણ્ય પણ સંપદા નથી; એ તો વિપદા-

આપદા છે. મુનિરાજ કહે છે: પંચ મહાવ્રત પાળવાં તે અમારો વિષય નથી, અંદર આનંદસ્વરૂપમાં ઠરી જવું તે અમારો વિષય—અમારું કર્તવ્ય છે. ૫૦.

* અરેરે! આ દેહ છૂટી જશે ભાઈ! ઉતારા ક્યાં કરીશ? અંદર તારી જ્ઞાયકચીજની દૃષ્ટિ ન કરી ને રાગના પ્રેમમાં રોકાઈ ગયો તો ચોરાશીના અવતારમાં રખડીશ; કેમ કે આત્મા તો અનંત કાળ રહેવાવાળો છે. આ દેહ તો છૂટશે ને? પછી ક્યાં રહીશ? જેને રાગનો રસ છે તે તો મિથ્યાત્વમાં—પરિભ્રમણમાં રહેશે અને જેને આત્માનો રસ છે તે સાદિ-અનંત કાળ આત્મામાં—સુખમાં રહેશે. ૫૧.

* શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં હતા. ઝવેરાતનો ધંધો કરતા હતા. તેમને આત્મજ્ઞાન થયું હતું. તે એક ભવમાં મોક્ષ જશે. સ્વભાવનો અનુભવ છે, પણ રાગનો ભાગ હજુ છે તે છૂટતો નથી; તેથી કહે છે કે—અપરિહાર્ય કર્મનો ભોગ ભોગવવો બાકી છે, તેથી એક દેહ ધારીને સ્વરૂપ-સ્વદેશમાં જશું. અમારું વતન શુદ્ધ ચિદાનંદઘન નિજ સ્વરૂપ છે, તેમાં ઠરીને સદાને માટે રહેશું. (આગળ બેનના ૪૦૧મા બોલમાં 'વતન'ની વાત આવી છે.) અમારું મૂળ વતન તો આનંદ આદિ અનંત ગુણના પિંડસ્વરૂપ અસંખ્યાતપ્રદેશી આત્મદ્રવ્ય છે. તે જ અમારો સ્વદેશ છે. અવસ્થામાં અમને થોડો રાગનો ભાગ છે, અને એમ લાગે છે કે તે થોડો કાળ રહેશે, તેથી અમારા આત્મામાં અંદરથી એવો ભાવ આવે છે કે એક ભવ કરીને અમે કેવળજ્ઞાન પામી મોક્ષમાં જશું. 'તેથી દેહ એક જ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' વળી, આવે છે ને—'હમ પરદેશી પંછી સાધુ જી, આ રે દેશકે નાહીં રે....' પુણ્ય ને પાપના—રાગના દેશના અમે નહિ. દયા, દાન વગેરેનો જે વિકલ્પ આવે છે તે વિભાવ છે—પરદેશ છે; તે દેશના અમે નથી. વચનામૃતના ૪૦૧મા બોલમાં બેને પણ કહ્યું છે: જ્ઞાનીનું પરિણમન વિભાવથી વિમુખ થઈને સ્વરૂપની તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની પોતાના સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. સ્વરૂપની સ્થિરતામાં ક્યારે પૂર્ણ થઈ જઉં એમ અંદરથી તલસે છે. બહારનાં ધૂળનાં ગામ-નગર તો અમારો દેશ નહિ, પણ અંદરમાં જે

દયા, દાન, વ્રત, તપ વગેરે પુણ્યના—વ્યવહારરત્નત્રયના ભાવ ઊઠે છે તે પણ અમારો દેશ નથી. એ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા! અમને અહીં જરાયે ગમતું નથી. સમકિતીને શુભ રાગ પણ જરાયે સારો લાગતો નથી. જ્ઞાની કહે છે: વિભાવસ્વરૂપ પરદેશમાં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે. ૫૨.

* પ્રભુ! તું ચૈતન્ય દેવાધિદેવ છો. જ્ઞાન આદિ એક-એક શક્તિમાં રમવાથી આનંદ આવે એવી અનંત અનંત શક્તિઓની રમણીયતા તારા આત્મામાં ભરી પડી છે; તેને ઓળખ. બીજું બધું—શાસ્ત્રનું જાણપણું વગેરે—છોડી નિર્મળાનંદ નાથને ઓળખ, તેનું જ્ઞાન કર ને તે તરફ ઝૂકી જા. બહાર શાસ્ત્રની ઓળખાણથી અંદર જ્ઞાયકદેવની ઓળખાણ થતી નથી. ૫૩.

* બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાનથી સમ્યગ્જ્ઞાન કે તેની વૃદ્ધિ થતી નથી. અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર કર્યું, પણ એ કાંઈ જ્ઞાન નથી. શાસ્ત્ર તો પરવસ્તુ છે, એનું જ્ઞાન કરવું એ તો પોતાની પર્યાયમાં પરલક્ષી જ્ઞાનનો અંશ છે; તેને વાસ્તવિક જ્ઞાન જ કહેતા નથી. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્માની જ્યારે અંદર દૃષ્ટિ અને અનુભવ કરે ત્યારે જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, સ્થિરતાની વૃદ્ધિ—યથાસંભવ સર્વવૃદ્ધિ, અનંત ગુણોનાં પરિણમનમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અંદર આખો ચૈતન્યસાગર ઊછળે છે. અહા! એ કેમ બેસે? જેમ મહાસાગર મધ્યબિન્દુથી ઊછળતાં તેમાં ભરતી આવે છે, તેમ ચૈતન્યસ્વભાવનો આશ્રય લેવાથી, જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકવાનો પ્રયત્ન કરવાથી, આરાધનાની પર્યાયમાં જ્ઞાનની ભરતી, દર્શનની ભરતી, ચારિત્રની ભરતી, સર્વ ગુણોના પરિણમનમાં યથાસંભવ ભરતી આવે છે. તે ભરતી બહારથી નહિ, પણ ભીતરથી આવે છે. ૫૪.

* ભાઈ! અમે તો આત્મા છીએ. અને તે તો એક સમયની

પર્યાયની સમીપમાં પર્યાયથી ભિન્ન, શુભાશુભ રાગથી ભિન્ન, શરીર-વાણી-લક્ષ્મી તથા નામથી પણ ભિન્ન અંદર પાતાળમાં પડેલી જ્ઞાયક વસ્તુ છે.' આત્મવસ્તુ પોતાનું ધ્રુવ પરિપૂર્ણ સામર્થ્ય રાખીને સદા રહી છે, તે કાંઈ આખી એક સમયની પર્યાયમાં આવી ગઈ નથી. અરેરે! તત્ત્વની આવી વાત જીવને ક્યાંય સાંભળવાય ન મળે! જીવન ચાલ્યું જાય છે, મોતનાં નગારાં માથે વાગે છે. એક સમય એવો આવશે કે તારું આ રૂપાળું શરીર ધૂળ—રાખ થઈ જશે.

જિમ તેતર ઉપર બાજ, મચ્છ પર બગલો રે;
તારી કંચનવરણી કાય, ઢળી થશે ઢગલો રે.

મોત પહેલાં ચેતવણી આપીને નહિ આવે કે—'હું આવું છું, તૈયારી કર'. શું મોત એવું કહીને આવે છે? દેહ જડ છે, સંયોગી છે, તે તો તેની મુદત પૂરી થતાં છૂટો પડી જ જશે. ૫૫.

* પ્રભુ! તારામાં અનંત અનંત અગાધ શક્તિઓ ભરી પડી છે. સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ આનંદ, સહજ વીર્ય આદિ અનંત ગુણો—જેના સ્વભાવની અનંતતાનો કોઈ પાર નથી એવી અનંત અનંત શક્તિઓ—તારામાં સદા વિદ્યમાન છે. તારામાં તારો બધો વૈભવ ભરપૂર પડ્યો છે. તેમાં કાંઈ પણ બહારથી લાવવાનું નથી. સમસ્ત વિશ્વને એક સમયમાં જાણનાર એવા અનંત સામર્થ્યવાળી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય અને એવા બીજા અનંત ગુણોની એક સમયમાં પરિપૂર્ણ પર્યાય—એ બધું પ્રગટવાની અગાધ શક્તિ તારામાં છે. પ્રભુ! તું બીજે ક્યાં શોધવા જાય છે? અરેરે! કસ્તૂરી છે પોતાની નાભિમાં ને હરણ ગોતવા દોડે છે જંગલમાં! આ જીવ પણ, શક્તિ છે અંદરમાં ને ગોતવા જાય છે બહારમાં. એ પણ હરણ જેવો જ છે—'**मनुष्यरूपेण मृगाश्चरन्ति**'. પોતાની અગાધ શક્તિની પ્રતીતિ અને જ્ઞાન નથી તે, રાગ ને પરને પોતાનું માનીને, મૃગની જેમ, ચાર ગતિમાં રખડે છે. ૫૬.

* દયા, દાન આદિ ભાવોમાં જે રાગ મંદ કર્યો છે તે પુણ્ય છે, દુઃખ છે. તે ભાવમાં સમ્યગ્દષ્ટિને, તેનું સ્વામિત્વ નહીં હોવાથી, પુણ્યા-

નુબંધી પુણ્ય બંધાય છે, અને મિથ્યાદષ્ટિને, રાગનું સ્વામિત્વ હોવાથી, પાપાનુબંધી પુણ્ય બંધાય છે. જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે શુભ રાગ પણ દુઃખ છે, સુખસ્વરૂપ તથા સુખનું કારણ તો ભગવાન જ્ઞાયક આત્મા છે, અંદર ભગવાન આત્માની જે આનંદદશા છે તે રાગનું કાર્ય પણ નથી 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં એક 'અકાર્યકારણત્વ-શક્તિ' કહી છે. તે શક્તિનો ધ્વનિ ૭૨ મી ગાથાની ટીકામાં રહેલો છે. રાગની દિશા, ભલે તીર્થંકરનામકર્મનો શુભ રાગ હો, પર તરફ છે અને વીતરાગભાવની દિશા સ્વ તરફ છે. મોક્ષપાહુડની ૧૬ મી ગાથામાં કહ્યું છે કે—'**परदव्वाओ दुग्गई**' પરાશ્રય ભાવથી, ભલે તે શુભભાવ હો, દુર્ગતિ થાય છે. પરમાર્થદષ્ટિએ તો દેવાદિ ચારેય દુર્ગતિ છે, માત્ર જ્ઞાયકભાવરૂપ પરિણમન તે એક જ સુગતિ છે. અહા! ગજબ વાત છે ને! શ્રી કુંદકુંદાચાર્ય અને ભગવાન પણ એમ કહે છે કે—અમે તમારી અપેક્ષાએ પરદ્રવ્ય છીએ. અમારા તરફ પણ તમારું લક્ષ જશે, અભિપ્રાયનું વજન થશે, તો તમારા ચૈતન્યની દુર્ગતિ—વિભાવ પરિણમન થશે. અરેરે! લોકોને મૂળ તત્ત્વની તો ખબર જ નથી. '**सदव्वाओ सुगई**'—પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ભગવાન આત્માનું યથાર્થ લક્ષ કરીને જે અનુભૂતિ થઈ તે ચૈતન્યની સુગતિ છે, તેનું ફળ સુગતિ એટલે કે સિદ્ધદશા છે. સિદ્ધદશા સુગતિ છે ને ચાર ગતિ છે તે દુર્ગતિ છે. ૫૭.

* અહા! આ વાત બીજે મળવી મુશ્કેલ છે. બાપુ! શું કહીએ? આ તો માન મૂકી દેવાની વાતો છે. કોનાં માન ને કોનાં અપમાન? તારું માન તો તારી ચીજમાં છે. આવે છે ને!—'લહી ભવ્યતા મોટું માન, કવણ અભવ્ય ત્રિભુવન અપમાન!' ત્રણ લોકના નાથ એમ કહે કે—'આ સમકિતી છે, એણે આત્માને જાણ્યો છે.' એ ત્રણ લોકના નાથનું માન મળ્યું, હવે તારે બીજા કોનું માન જોઈએ છે? અને ત્રણ લોકના નાથ એમ કહે કે—'આ અજ્ઞાની છે, રાગનો આદર કરનાર છે, અપાત્ર છે'—એમ ભગવાન તરફથી અપમાન થયું; એના જેવું બીજું અપમાન કયું છે? ભલે દુનિયા તને માને પણ તેથી શું? ૫૮.

* પ્રભુ કહે છે કે અંદર તારી પ્રભુતા કેટલી પડી છે તેને એક વાર સાંભળ તો ખરો. તારા દ્રવ્યમાં અનંત અનંત શક્તિઓ છે અને એક એક શક્તિમાં અનંત અનંત પ્રભુતા છે. એવી અનંત પ્રભુતાના પિંડસ્વરૂપ જે અંદર તારી ચીજ છે તેને આચાર્યદેવ 'ભગવાન' તરીકે સંબોધના કરે છે. સમયસારની ૭૨ મી ગાથાની ટીકામાં ત્રણ વાર આ જ્ઞાયક આત્માને 'ભગવાન' કહીને વર્ણવ્યો છે. ૫૯.

* હે ભવ્ય! તું મોક્ષમાર્ગમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર. પ્રભુ! તારી ચીજ અંદર આનંદનું ધામ છે; તારી પ્રભુતાનો પાર નથી. તેની સન્મુખ થઈ સ્વાનુભૂતિ કરવી તે, ધર્મની પ્રથમ શરૂઆત છે. તે વિના દાન, ભક્તિ, પૂજા વગેરે શુભભાવ દુઃખરૂપ છે. જ્ઞાન આનંદ આદિ અનંત પવિત્ર સ્વભાવોથી ભરપૂર એવા નિજ જ્ઞાયકની સન્મુખ દષ્ટિ થતાં તેનો અનુભવ થાય છે. તે સ્વાનુભવ થતાં જીવ સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવાય છે; બાકી બધાં થોથાં છે. ૬૦.

* ભાઈ! ચૈતન્યતત્ત્વ જ્ઞાન આનંદ આદિ અનંત ગુણરત્નોનો અદ્ભુત ખજાનો છે. એની તો શી વાત થાય! વાણી કેટલું કામ કરે બાપુ! વાણી તો જડ છે, તેને ખબર નથી કે આ મહિમાવંત પદાર્થ કોણ છે. શું ભગવાનની વાણીને ખબર છે કે આ આત્મા કેવો છે? વાણીથી પાર એવા નિજ ચૈતન્યપ્રભુની, અંદરથી અપૂર્વ મહિમા લાવીને, ઓળખાણ કરવી જોઈએ. જન્મમરણ રહિત થવા માટે કરવાનું તો આ છે. અંદર ઓળખાણ કરી ચૈતન્યનો મહિમા લાવે તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય અને જન્મમરણનો અંત આવે—એમ ભગવાન કહે છે તે જ આ વાણી છે. ૬૧.

* અંતર આત્માની શોધ કરવાવાળાને સ્પષ્ટ ભાસે છે કે આ શુભ ને અશુભ ભાવરૂપ મલિનતા ટકનારી ચીજ નથી અને તે ગમતી પણ નથી. અહીં લક્ષ્મી વગેરે પરદ્રવ્યની વાત લીધી નથી, તેનો તો આત્મામાં અભાવ જ છે. જેમ એક આંગળીમાં બીજીનો અભાવ છે તેમ ઉપયોગ-સ્વરૂપ આત્મામાં અનુપયોગસ્વરૂપ—જડસ્વરૂપ પૈસા મકાન વગેરેનો અભાવ છે. આત્માને માત્ર પર્યાયમાં મલિનતાનું અસ્તિત્વ છે, ત્રિકાળી

ધ્રુવ સ્વરૂપમાં નહિ. વાત સૂક્ષ્મ છે, પણ છે એ મુદ્દાની રકમ. અરેરે! આત્માની આ વાત સમજે નહિ અને ચોરાશીના અવતાર કરી મોટા અબજોપતિ શેઠિયા મરીને ઢોર થાય. માંસભક્ષણ વગેરેના ક્રૂર પરિણામ ન હોય એટલે કદાચ નરકમાં તો ન જાય, પણ ધર્મની—સમ્યગ્દર્શનની ખબર નથી તેથી મિથ્યાત્વ ને મમતાના પરિણામે મરીને પશુ થાય. વીતરાગ ભગવાન આત્મા વિષે શું કહે છે એ સાંભળવાનો જરા વખત પણ ન કાઢે તેની બીજી શી ગતિ થાય? આખો દી 'આ કમાણા—આટલું રળ્યા' એવા રસમાં—પાપમાં ગાળે છે, પણ આ વાત તો સાંભળ પ્રભુ! તારું અસ્તિત્વ ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ છે, અને તારી વર્તમાન દશામાં શુભાશુભ રાગ થાય છે તે મલિનતા છે. ૬૨.

* અહા! આવું દુર્લભ મનુષ્યપણું મળ્યું, જૈનકુળમાં જન્મ થયો, વીતરાગની વાણી સાંભળવા મળી; પ્રભુ! હવે તો તારે તારા આત્મા માટે કાંઈ કરવું તો પડશે ને? બાકી તો જન્મમરણના ફેરામાં, અનંત વાર એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ કર્યા. વિચાર કરે તો ખબર પડે. છ ઢાળામાં કહ્યું છે: 'એક શ્વાસમેં આઠદસ બાર, જન્મ્યો મર્યો, ભર્યો દુઃખભાર;' પ્રભુ! એ બધું તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે તે નથી—એમ કેમ કહેવાય? અરે! આ મનુષ્યભવમાં જન્મ્યા પછી પ્રથમના છ મહિનામાં તારી માએ તને ધવરાવ્યો, નવરાવ્યો—એ બધું તને યાદ છે? યાદ નથી માટે તે નહોતું—એમ કેમ કહેવાય? બાળપણમાં તેં કેવી રીતે ખાધું-પીધું' કેવી રીતે રોયો—એ બધું યાદ છે? યાદ નથી માટે તે નહોતું એમ કોણ કહે? એ પ્રમાણે પૂર્વભવનું યાદ નથી માટે પૂર્વમાં આવું દુઃખ સહન કર્યું તે ન હતું—એમ કેમ કહેવાય? સમજાય છે કાંઈ? આ બધું લૌજિકથી સમજવું પડશે ભાઈ! ૬૩.

* દેહદેવળમાં જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણશોભાયુક્ત ચૈતન્યદેવ બિરાજે છે. અંદર સમ્યગ્દર્શનમાં તેનો જેને મહિમા આવ્યો તેને બહારના ભપકા—સમવસરણ દેખે તોપણ દૃષ્ટિમાં તેનો મહિમા ન આવે. સમવસરણ એટલે શ્રી જિનેન્દ્રભગવાનની ધર્મસભા, જ્યાં સો ઇન્દ્રો, રાજાઓ વગેરે મનુષ્યો, સિંહ વાઘ વગેરે પશુઓ ભગવાનની વાણી સાંભળવા આવે છે, સ્ફટિક વગેરે વિવિધ રત્નોથી બનેલા ગઢ હોય છે. વચ્ચે ત્રણ પીઠિકા,

તેના પર ગંધકૂટી, રત્નોનું સિંહાસન ને લાખ પાંખડીનું કળમ હોય છે, ત્યાં અંદર ભગવાન બિરાજે છે; પણ એ તો બહારની શોભા છે. અંદર ભગવાન આત્માનો જેને મહિમા આવ્યો તેને બહારની કોઈ ચીજનો મહિમા આવે નહિ. જેને પોતાના ચૈતન્યનો મહિમા આવ્યો તેને નિજ આત્મામાં સુખબુદ્ધિ થઈ, અને રાગ, પુણ્યપરિણામ ને બહારની સર્વ ચીજોમાંથી સુખબુદ્ધિ છૂટી ગઈ ૬૪.

* અંદર ભગવાન આત્મા કે જે અનંત અનંત અતીન્દ્રિય શાંતિ અને આનંદનો સાગર છે, તેનો મહિમા અને રાગાદિ વિકલ્પરૂપ સંસારનો મહિમા—એ બન્ને એકસાથે રહી શકે નહિ. જેને શુભાશુભ રાગનો ને તેના કર્તાપણાનો મહિમા છે તેને આનંદનો નાથ અને વિશ્વનો ઉદાસીન સાક્ષી એવા નિજ ચૈતન્ય પ્રભુનો મહિમા નથી. જેમાં પરનું કરવું-ભોગવવું કાંઈ છે નહિ, માત્ર અંદર સ્વરૂપમાં સ્થિત રહેવાનું છે એવા ચારિત્રવંત શાંત શાંત અકષાયસ્વભાવી નિજ ચૈતન્યનો મહિમા ને રાગાદિ સંસારનો મહિમા એકસાથે રહી શકે નહિ. ૬૫.

* રાગાદિ પરપરિણતિ પરઘર ને દુઃખનું સ્થાન છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એમ એક-એક ગુણ પૂર્ણ એવા અનત ગુણોનું પૂર્ણરૂપ—નિજ ચૈતન્યઘર એ જ વિશ્રાંતિનું સ્થાન છે. વિશ્રાંતિગૃહ ભગવાન આનંદકંદમાં પડ્યું છે. એ તો અતીન્દ્રિય આનંદનું દળ છે. પ્રભુ! ઇન્દ્રિયોના વિષયોમાં જે કાંઈ આનંદ લાગે છે, ઠીક લાગે છે—એ કલ્પના તો શ્રમ ને દુઃખ છે. અહાહા! પોતે આનંદનું ઘર છે ને! દુઃખના થાક ઉતારવા વિશ્રાંતિગૃહ તો નિજ આત્મા જ છે ને! અહા! આવો ઉપદેશ! ૬૬.

* આ આત્મા અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાન, શાંતિ ને આનંદસ્વરૂપ છે, તેનો અનુભવ કરી લે. દયા, દાન, વ્રત, તપ અને ભક્તિ વગેરેના વિકલ્પ આવે, પણ તે કોઈ ધર્મ નથી, તે મોક્ષનું પરંપરા-કારણ પણ નથી. 'હું નિર્વિકલ્પ સહજ જ્ઞાનાનંદસ્વરૂપ છું' એવું પ્રચુર સ્વસંવેદન—એવો ઉગ્ર સ્વાનુભવ તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક મંદ શુદ્ધિ તે મોક્ષનું પરંપરા કારણ છે. મંદ શુદ્ધિની સાથે જે શુભરાગરૂપ કચાશ છે તેને આરોપથી પરંપરા-કારણ કહેવાય છે. અંતર સ્થિરતારૂપ

જે શુદ્ધિ વધશે તે વ્રતાદિના વિકલ્પનો અભાવ કરીને થશે, માટે સમ્યગ્દષ્ટિના વ્રતાદિસ્વરૂપ શુભ રાગને મોક્ષનું પરંપરા-કારણ કહ્યું છે, મિથ્યાદષ્ટિના વ્રતાદિસ્વરૂપ રાગને નહિ. ૬૭.

* અરે, પ્રભુ! તેં સચ્ચિદાનંદસ્વરૂપ નિજ જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ કદી કરી નથી, તેનો આશ્રય લીધો નથી અને 'પુણ્યભાવથી મારું કલ્યાણ થશે' એમ તેનો આશ્રય કરીને મિથ્યાત્વભાવનું સેવન કર્યું. મિથ્યાત્વભાવના કારણે ૮૪ લાખ યોનિમાં અનંત વાર અવતાર લીધા. અહા! નરકનાં એ ભયંકર દુઃખ! ભગવાન એમ ફરમાવે છે કે—નરકગતિના એક ક્ષણનાં દુઃખ કરોડ જીભે ને કરોડ ભવે કહી શકાય નહિ; એ તો, તે જીવ પોતે તેને ભોગવે અને કેવળી તેને જાણે. નરકનાં એક ક્ષણનાં દુઃખ રત્નકરંડશ્રાવકાચાર (પં. સદાસુખદાસજી) ને છ ઢાળામાં વર્ણવ્યાં છે. ભાઈ! તું ઉત્કૃષ્ટ ૩૩ સાગર ને જઘન્ય દસ હજાર વર્ષની તથા એક-એક સમય વધતાં વચ્ચેની અસંખ્ય પ્રકારની સ્થિતિએ નરકમાં અનંત વાર જન્મ્યો. એ દુઃખનું ભયાનક વેદન! અરે! તેનો વિચાર તેં ક્યારેય કર્યો નહિ. હવે તો તું, તે ભીષણ દુઃખનો અંત કરવા, એક વાર સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ કર. ૬૮.

* ભગવાન! તું જાણનાર છો ને! જાણનારનો જે ત્રિકાળી ધ્રુવ અંશ છે તેને મુખ્ય ગણીને ભૂતાર્થ, સત્યાર્થ કહેલ છે. આત્મવસ્તુમાં એક સમયવર્તી પર્યાય છે ખરી, પણ તે વજન આપવા યોગ્ય નહિ હોવાથી તેને ગૌણ ગણીને 'નથી' એમ કહેવામાં આવ્યું છે. 'પર્યાય સર્વથા નથી' એમ જો માને તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય છે. ચિદાનંદકંદ આત્મવસ્તુના અપરિણામી ધ્રુવ સ્વરૂપ પર દૃષ્ટિ દેવાથી તેના પરિણામ ગૌણ થઈ જાય છે, તેના પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. આશ્રય લેવાવાળી પર્યાય પણ છે તો ખરી, પરંતુ તે આશ્રય લે છે વસ્તુના ત્રિકાળી ધ્રુવ અપરિણામી સ્વરૂપનો. અહા! આવી વાત છે ભાઈ! ૬૯.

* અરેરે! જીવ અનંત અનંત કાળથી ભટકે છે. આયુષ્ય પૂરું થતાં જીવ તો આ દેહ છોડીને ચાલ્યો જાય છે. ક્યાં ગયો તેની કોને ખબર છે? અજાણ્યા દ્રવ્યમાં, અજાણ્યા ક્ષેત્રમાં, અજાણ્યા કાળમાં અને

અજાણ્યા ભાવમાં તારે જવાનું છે તેની તને ખબર નથી બાપુ! મિથ્યાત્વનો ભાવ છે ત્યાં સુધી એક પછી એક જગ્યાએ જન્મ ધારણ કરવાના છે. અબજોપતિ મરીને બકરીની કૂખે જાય, ભૂંડ થાય. દુનિયાને તેની કયાં ખબર પડે છે બાપુ! તારી ચીજને ઓળખીને તેનું જો પરિણમન ન કર્યું તો સંસારનો રોગ દૂર નહિ થાય. ૭૦.

* વસ્તુમાં ક્ષણે ક્ષણે નવી અવસ્થાનું ઊપજવું અને પૂર્વની અવસ્થાનું વિનશવું થયા જ કરે છે તે કયાં જતું રહે? ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતાસ્વરૂપ વૃત્તિ તે પરિણામનું લક્ષણ છે. પોતાની મૂળ જાતિને છોડયા વિના પર્યાયમાં બદલતા રહેવું તે તો વસ્તુનો પરિણમન-સ્વભાવ છે; સ્વભાવ કયાં ચાલ્યો જાય? આત્મા પણ, વસ્તુ હોવાથી, પર્યાયસ્વભાવને લીધે, દ્રવ્યસ્વભાવે કાયમ ટકીને અવસ્થાઓ બદલ્યા જ કરે છે. નિજ આત્મવસ્તુ દ્રવ્ય તેમ જ પર્યાયસ્વરૂપ હોવા છતાં દૃષ્ટિ તો માત્ર તેના ત્રિકાળી ધ્રુવ સ્વરૂપનો જ સ્વીકાર કરે છે. પરિણામ હોવા છતાં, કલ્યાણ માટે આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ જ છે. દૃષ્ટિના વિષયની પ્રમુખતામાં વર્તમાન શુભાશુભ પરિણામ ગૌણ થઈ જાય છે, પરિણમન કયાંય ચાલ્યું જતું નથી. સિદ્ધમાં પણ પરિપૂર્ણ શુદ્ધ પરિણમન તો નિરંતર થયા જ કરે છે. સિદ્ધપણું પોતે પણ આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાય છે. ૭૧.

* દ્રવ્યદૃષ્ટિ—દ્રવ્ય નામ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય વસ્તુ, ભગવાન જ્ઞાયક-પદાર્થ; દૃષ્ટિ નામ ધ્રુવ જ્ઞાયકપ્રભુનો આશ્રય કરનાર પોતાના શ્રદ્ધાગુણની વર્તમાન નિર્મળ પર્યાય;—સર્વ પ્રકારની પર્યાયને, વિભાવપર્યાય તેમ જ સ્વભાવપર્યાયને, દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ગ્રહણ કરે છે. અહા! આ તો મંત્રો છે પ્રભુ! આ કોઈ કથાવાર્તા નથી. જીવ અનાદિ કાળથી દુઃખી દુઃખી થઈ રહ્યો છે. કોઈને ફાંસીએ ચડાવે અને જયાં સુધી જીવ ન જાય ત્યાં સુધી કેવી પીડા હશે? ભાઈ! અનાદિ કાળથી જીવ રાગ સાથેની એકતાબુદ્ધિરૂપ ફાંસીથી દુઃખી થઈ રહ્યો છે, તેની તેને ખબર નથી દયા-દાન આદિનો રાગ પણ મલિનતા છે. રાગરૂપ મલિનતાને અજ્ઞાની જીવ પોતાનો સ્વભાવ માને છે. પણ ભાઈ! મલિનતા

ટકતી નથી અને ગમતી નથી, માટે તે ભગવાન આત્માનો સ્વભાવ નથી. મલિનતાનો જેને પ્રેમ છે તેણે નિજ અખંડાનંદ પ્રભુને ફાંસી આપી—મિથ્યા શ્રદ્ધારૂપ ભયંકર ભાવમરણ કર્યું. તેનાથી છૂટવું હોય, વિભાવથી છૂટી શાશ્વત પરમાનંદસ્વરૂપ મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ ધ્રુવ સ્વભાવનો આશ્રય કર. ૭૨.

* પ્રભુ! જે ભાવ તારા સ્વરૂપમાં નથી તેને તું તારા કરવાની હોંશ કરે છે, તો તારે એવી હોંશું કરીને ક્યાં જવું છે? તેનું ફળ શું છે તેની તને ખબર છે? દેહ તો છૂટશે જ, આત્માનો નાશ તો કદી થતો નથી, તો આ દેહ છોડીને ક્યાં જશે? જેણે રાગ ને પુણ્યની ક્રિયા સેવી છે, તેનાથી લાભ માનવારૂપ મિથ્યાત્વનું સેવન કર્યું છે, તે ભવિષ્યમાં પણ મિથ્યાત્વમાં રહેશે. મિથ્યાત્વના ગર્ભમાં નરકના ને નિગોદના અનંતા ભવો કરવાની તાકાત છે. ત્યાં જ અનંત કાળ રહેશે. ભિન્ન આત્માનું સમ્યગ્દર્શન થતાં અનાદિ ભવસંતતિનો છેદ થઈ જાય છે, કેમ કે અનંત જ્ઞાન ને અનંત આનંદ જેના ફળમાં પ્રગટ થાય છે એવું કારણ તેણે પ્રાપ્ત કર્યું છે. અંદર અભેદ જ્ઞાયક આત્માનો પૂર્ણ આશ્રય કરતાં આત્મા ગુણરૂપ અનંત પાંખડીથી ખીલી નીકળે છે. ૭૩.

* અનુભવપ્રકાશમાં કહ્યું છે: પ્રભુ! તારી શુદ્ધતાની તો શી વાત? તારી શુદ્ધતા તો બડી, પણ તારી અશુદ્ધતાયે બડી! કેવળીની સમીપે ગયો તોપણ તેં તારી ઊંધાઈ છોડી નહિ! ત્રણ લોકના નાથ તીર્થંકર પ્રભુ પાસે ગયો, સમવસરણમાં પ્રભુની વાણી અનંત વાર સાંભળી, જ્યાં તીર્થંકરનો કદી વિરહ હોય નહિ એવા મહાવિદેહક્ષેત્રમાં અનંત વાર તારો જન્મ થયો, સમવસરણમાં ભગવાનની મણિરત્નના દીપકોથી આરતી ઉતારી તથા હીરાના થાળમાં કલ્પવૃક્ષનાં ફળોથી પૂજા કરી, પણ પ્રભુ! એ તો શુભરાગ છે. સંસાર છે, એ જ્ઞાયકભાવ નથી. ૭૪.

* ભગવાન જ્ઞાયક આત્મા સર્વથા અપરિણામી નથી, પ્રમાણદૃષ્ટિથી જોતાં તે દ્રવ્ય-અપેક્ષાએ અપરિણામી પણ છે અને પર્યાય-અપેક્ષાએ પરિણામી પણ છે. ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ આત્મા પલટતો નથી અને

વર્તમાન પર્યાયની અપેક્ષાએ આત્મા પલટે છે. પ્રમાણદૃષ્ટિથી જોતાં આત્મા તે બંને-સ્વરૂપ છે. ૭૫.

* જાણવું અને દેખવું જેનો ત્રિકાળી સહજ સ્વભાવ છે એવો આત્મા પોતે તો સ્વયં જાણનાર, જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક, તરતો ભિન્ન પદાર્થ છે. સમયસારની ૩૧ મી ગાથાની ટીકામાં ધ્રુવ આત્માને રાગ ને પર્યાયથી ભિન્ન, અધિક, જુદો, તરતો ને તરતો કહ્યો છે. તેને રાગ સાથે ક્યાંય મેળ નથી. તે તો શુભાશુભના ડાઘ રહિત, અનંત ગુણોના પાસાથી ભરેલો ચૈતન્યહીરલો છે. અહા! આ તો જેને કલ્યાણની ભાવના હોય તેની વાત છે. બાપુ! જીવ એમ ને એમ ૮૪ લાખ યોનીના અવતારોમાં રખડે છે. કરોડપતિઓ માને કે અમે સુખી છીએ; તેઓ સુખી નથી પણ આત્માના ભાન વિના મહાદુઃખી છે. તેઓ ધંધાની મમતાના પરિણામમાં મરીને નરકમાં કે ઢોરમાં ઉપજવાના; કેમ કે શુભ કે અશુભ ભાવનું ફળ ચાર ગતિ છે. શુદ્ધ ભાવનું ફળ મોક્ષ છે. શુભાશુભ રાગથી ભિન્ન, તરતો ને તરતો, અંદર જાણનાર જ્ઞાયકભાવ છે તેનો ઉપયોગ કરવો તે શુદ્ધોપયોગ છે. ૭૬.

* ભગવાન દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ શુદ્ધતાથી ભરેલો છે. તે દ્રવ્યસ્વભાવ સમ્યગ્દર્શનનો-શ્રદ્ધાપર્યાયનો વિષય છે. જ્ઞાનની પર્યાયમાં પણ તે નિર્લેપ દ્રવ્યસ્વભાવ જ્ઞેય થાય છે, જ્ઞાનની પર્યાયમાં તે જણાય છે, છતાં તે, જ્ઞાનની પર્યાયમાં આવી જતો નથી. અહા! વાત ઝીણી બહુ, ભગવાન! ૭૭.

* અહા! 'આ બધા કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો શુદ્ધ જ્ઞાયક છું' એમ નિજ દ્રવ્યસ્વભાવની ઓળખાણ કરે—તદ્રૂપ પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા, શુદ્ધતા થાય છે. સમયસારની ૧૨મી ગાથામાં કહ્યું છે કે—ત્રિકાળી શુદ્ધ પરમભાવને જે દેખે છે, તેનો જેણે આશ્રય લીધો છે તેને શુદ્ધનય જાણવો. તે સમ્યગ્દૃષ્ટિ જીવને પર્યાયમાં કાંઈ અશુદ્ધતા કે અપૂર્ણતા છે કે નહિ? છે, તો તેને શું કહેવું? સાધક જીવને પરમભાવના આશ્રયરૂપ નિશ્ચયની સાથે સાથે જેટલી શુદ્ધિ વધતી જાય છે, અશુદ્ધિ ઘટતી જાય છે અને જેટલી કચાશ રહી છે એ બધો વ્યવહારનયનો વિષય છે અને તે તે ભૂમિકામાં તે તે વ્યવહાર જાણેલો

પ્રયોજનવાન છે. વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન કહ્યો છે, તેનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી નહિ. અહાહા! ગજબ છે દિગંબર જૈન સંતોની વાતો! અમૃતના સાગર ઉછાળ્યા છે. ૭૮.

* બહાર સુખ છે જ નહિ. સુંદર શરીર, સ્ત્રી, લક્ષ્મી વગેરેમાં તો છે જ નહિ, એ તો ક્યાંય દૂર રહી ગયાં, પણ અંદર જે પુણ્યના ભાવ થાય તેમાં પણ સુખ નથી. શુદ્ધ બુદ્ધ સુખકંદ પ્રભુ તો અંદર જુદો બિરાજે છે. એ બહારના વિષયોનો જાણનાર અંદર જુદો છે, ને જણાય છે તે ચીજ જુદી છે. જુદાનું સુખ જુદી ચીજમાં ક્યાંથી હોય? આવી વાત છે બાપુ! આ મારગ કોઈ જુદો જ છે. અનંત કાળે આ મોંઘું મનુષ્યપણું મળ્યું; એમાં જો અત્યારે આત્મહિત નહિ કર, તો ક્યારે કરીશ? આવું મનુષ્યપણું ફરી ફરી નહિ મળે. આ અવસર ચૂક્યો તો ફરી પત્તો નહિ ખાય. પ્રભુ! સુખ અંતરમાં છે; બહારમાં સુખ છે જ નહિ. ૭૯.

* જેને જેની જરૂરિયાત લાગે તેને તે જ રુચે છે. ભગવાન આત્માની જેને રુચિ હોય તેને તે જ ગમે છે, સુખરૂપ દેખાય છે, બીજું બધું ડખલરૂપ લાગે છે; વચમાં દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમા વગેરેનો શુભ વિકલ્પ આવે, પણ તે દુઃખરૂપ લાગે છે. અંદર આનંદસ્વરૂપની રુચિમાં ભગવાન આત્મા સુખરૂપ લાગે છે. અહા! આવો માર્ગ છે ભાઈ! લોકોએ ધર્મનો માર્ગ ચૂંથી નાખ્યો; કોકે કાંઈકમાં ને કોકે કાંઈકમાં ધર્મ માન્યો. લઈ લો જાવજીવનું બ્રહ્મચર્ય, લૂગડાં છોડો ને થઈ જાઓ નગ્ન; પણ ભાઈ! એમાં ધૂળે ય ધર્મ નથી. એવું બહારનું નગ્નપણું તો અનંત વાર ધારણ કર્યું. આત્મા કે જેમાં રાગની લાગણીનાં કપડાં પણ નથી એવી ત્રિકાળી જ્ઞાયક ચીજ તેને પહેલાં ઓળખીને—તેનો અનુભવ કરીને જેને નિજ ઘરમાં જવું છે તેને બીજું બધું દુઃખરૂપ લાગે છે. ૮૦.

* અહા! મારી જ્ઞાનની પર્યાયમાં ઉઘાડ થયો, શ્રદ્ધાની પર્યાય ઠીક થઈ, ચારિત્રની પર્યાયમાં કષાયની મંદતા થઈ—એમ રુચિનું જોર પર્યાયમાં શા માટે દે છે? અંદર પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મા બિરાજે છે તેને

રુચિમાં લે ને! અંતરમાં જ્ઞાયક પરમાત્માની દૃષ્ટિ થવી તેને જ અંતરાત્મા કહેવાય છે. રાગની મંદતાનું લક્ષ તો છોડી દે, પણ જ્ઞાનની પર્યાયમાં વિશેષ ઉઘાડ થયો તેનું પણ લક્ષ—મહિમા છોડી દે. ૮૧.

* અહા! અતીન્દ્રિય અમૃતસ્વરૂપ જ્ઞાયકનું જ્યાં ભાન થયું, ત્યાં કષાયભાવ જે આવે તે પરજ્ઞેય તરીકે આવે, સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ આવે; કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર-પ્રકાશક હોવાથી તે સ્વને પણ જાણે અને પરને તથા પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા આવે તેને પણ જાણે. જાણનારસ્વભાવ છે તે જાણ્યા વિના કરે શું? વસ્તુ છે તે જ્ઞાયકભાવ તરીકે મોજૂદ ચીજ છે, નિર્લેપ છે. તેનું જેને જ્ઞાન થયું તેને પણ, હજુ પૂર્ણ વીતરાગ થયો નથી તેથી, વ્રતાદિ રાગનો વિકલ્પ આવે, તે તેને જાણે, પણ તેનાથી લાભ થાય એમ માને નહિ. કષાય આવે તેને જાણવો એ તારી પ્રભુતા છે, કષાયને કરવો ને 'કષાય મારા છે' એમ માનવું —એ તારી પ્રભુતા નથી, પામરતા છે. અરેરે! જીવે પોતાના આત્માનું હિત ઇચ્છયું નહિ, પરની જંજાળમાં ગૂંચાઈને મરી ગયો. કષાયો તો વિભાવરૂપ પરજ્ઞેયો છે, સ્વભાવરૂપ સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ છે. ૮૨.

* રાજાએ પ્રસન્ન થઈને કોઈ માણસને કહ્યું: મારા નિધાનમાં કરોડો-અબજો સોનામહોરો છે તેમાંથી, સાંજ પડયા પહેલાં જેટલાં પોટલાં બાંધી શકે તેટલાં લઈ જા; તે માણસ લેવા નીકળ્યો, પણ રસ્તામાં વેશ્યાના નાચ વગેરે જોવા રોકાઈ ગયો ને એમ કરતાં રાત પડી ગઈ, પહોંચે તે પહેલાં રાજાનો ભંડાર બંધ થઈ ગયો; એ પ્રમાણે અહીં અજ્ઞાની જીવ 'મારી જ્ઞાનની પર્યાય ખીલી છે', 'રાગ મંદ થઈ ગયો છે'—એમ પર્યાયમાં લક્ષ કરીને અટકી ગયો છે, દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરતો નથી. ૮૩.

* અહા! જેણે દ્રવ્યસ્વભાવનું અવલંબન લઈને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી તેને દેહના છૂટવા કાળે અરે! શરણ કયાં? અરે! દેહમાં રગેરગ તણાશે, સબાકા મારશે, રજકણે રજકણ પલટી જશે, તે વખતે જ્ઞાયક ભગવાન આત્મા જે શરણ છે તેની દૃષ્ટિ નહિ હોય તો એ

જાશે ક્યાં? એ દુઃખમાં ભીંસાઈ જશે. ભાઈ! ત્યાં પોતાના આત્મા સિવાય બીજું કોઈ શરણ નથી. ૮૪.

* વિભાવ કે પર્યાયમાં રોકાવું તે રસ્તો જ નથી. ભાઈ! પર્યાયમાં કેમ રોકાઈ ગયો છે? પર્યાય રહિત નિષ્ક્રિય તત્ત્વ—ધ્રુવ તત્ત્વ—ઉપર દૃષ્ટિ દે ને! પર્યાય તો ઉપર ઉપર તરે છે, અંદર દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતી નથી. ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હો તોપણ તે ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ કરતી નથી. પર્યાય ઉપર નહિ પણ દ્રવ્યસ્વભાવ ઉપર જોર આપવું. પાંચ ભાવમાં એકમાત્ર પરમપારિણામિક ભાવ દ્રવ્યરૂપ છે અને ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ને ઔદયિક—એ ચાર ભાવ પર્યાયરૂપ છે. પર્યાયની મુદ્દત તો એક સમયની છે; તેમાં તું શા માટે રોકાય છે? અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા પડ્યો છે તેને જો ને. તારી રુચિને તેમાં જોડ ને. ભાઈ! મારગ તો આવો છે. ૮૫.

* અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી રાગાદિ વિભાવપર્યાય આત્માની છે. પ્રવચનસારમાં કહ્યું છે કે શુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનયથી પુણ્ય-પાપના ભાવ આત્માના છે. પણ એ તો જ્ઞેયની—પર્યાયની સિદ્ધિ સિદ્ધ કરી. પરંતુ જ્યારે ત્રિકાળી જ્ઞાયક પર દૃષ્ટિ પડે છે, ત્યારે તો તે રાગ, પુણ્ય-પાપના તથા દયા-દાનના ભાવ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે—એવો જ જ્ઞાનનો સહજ સ્વભાવ છે. સ્વનું જ્ઞાન થયું, ત્યાં એ જ્ઞાનની પર્યાયમાં સ્વપર-પ્રકાશક સામર્થ્ય હોવાથી સ્વને જાણતાં રાગ વચ્ચે આવ્યો તેને પરજ્ઞેય તરીકે જાણે. જાણનાર પ્રભુ બીજું શું કરે? તે તો ઉદયને તેમ જ બંધને તથા નિર્જરા તેમ જ મોક્ષને જાણે—તેનો જ્ઞાતા રહે. એ વાત સમયસારની ૩૨૦મી ગાથામાં કહી છે. ૮૬.

* જેને દેહથી ને રાગથી ભિન્ન નિજ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનું યથાર્થ ભાન થવાથી સમ્યગ્દર્શન થયું છે, તેનું ધ્યાન કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થઈ છે, એવો ગૃહસ્થાશ્રમમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા એમ જાણે-માને છે કે—મારે સ્વભાવમાં લીનતા કરવાની બાકી છે, મારે હજુ કરવાનું ઘણું બાકી છે. આમ માનનારને જ સ્વરૂપસ્થિરતામાં આગળ વધવાને અવકાશ રહે છે. થોડોક પ્રયત્ન કરતાં 'મેં કંઈક કર્યું' અથવા

'મેં ઘણું કરી લીધું' એમ માનનાર તો ત્યાં જ રોકાઈ જાય છે, અટકી જાય છે, તેને આગળ વધવાનો અવકાશ રહેતો નથી. ૮૭.

* 'મારે મારું હિત કરવું છે' એવી ભાવના—ઇચ્છા—અભિલાષા છતાં અનંત વાર કરી, અનાદિ કાળના પરિભ્રમણમાં અનંત વાર દિગંબર જૈન દ્રવ્યલિંગી સાધુ થયો, પણ દૃષ્ટિ બહારની ક્રિયા ને રાગ ઉપર રાખી તેથી મિથ્યાદૃષ્ટિ રહ્યો. મિથ્યાદૃષ્ટિને 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ તો હોય છે, મંદકષાયના કારણે તેને લેશ્યા પણ શુભ હોય છે, પરંતુ વિવિધ શુભ ભાવમાં સર્વસ્વ માનીને તેમાં જ સંતોષાઈ જાય છે, શુભ રાગથી પણ ભિન્ન ત્રિકાળશુદ્ધ જ્ઞાયકભાવનું લક્ષ કરતો નથી. ૮૮.

* 'હે આત્મા!' જો તારે મલિનતાના ભાવથી છૂટી—મલિન પર્યાય જે મોહ, રાગ, દ્વેષ અને દુઃખરૂપ છે તેનાથી છૂટવારૂપ—સંપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મદશા પ્રાપ્ત કરવી હોય, મુક્તિ જોઈતી હોય, વિભાવનો વ્યય અને પરમાનંદનરૂપી મોક્ષદશાનો ઉત્પાદ કરવો હોય, તો નિર્વિકાર ને નિર્વિકલ્પ એવા નિજ ચૈતન્યના અભેદ ધ્રુવ સ્વરૂપને ગ્રહણ કર. આત્મવસ્તુ—કાયમી ચીજ—જે અંદરમાં જ્ઞાયકપણે એકરૂપ પડી છે. જેમાં પર્યાય અને ગુણગુણીના ભેદ પણ નથી, જે જ્ઞાન, આનંદ આદિ અનંત ધ્રુવ ગુણોની એકતાસ્વરૂપ અભેદ પદાર્થ છે, તેને રુચિ અંતર્મુખ કરીને ગ્રહણ કર, તેના પર દૃષ્ટિ લગાવી દે. રાગ ઉપર દૃષ્ટિ તે તો મલિનતા છે. મલિનતા ટકતી નથી અને ગમતી પણ નથી, માટે તે આત્માનો સ્વભાવભાવ નથી. ભગવાન આત્મા કે ચૈતન્યના નૂરનું પૂર છે, શાશ્વત ટકતી અને ગમતી ચીજ છે, જ્ઞાયકના દિવ્ય તેજથી સદા ભરપૂર છે, તેને ગ્રહણ કર, નિર્મળાનંદ જ્ઞાયકપ્રભુની દૃષ્ટિ કર, તેને ધ્યેય બનાવી—તારી વર્તમાન શ્રદ્ધાપર્યાયનો વિષય બનાવી—દે, તેનો અંતરથી આદર, આશ્રય કર તો તારી અનાદિની વિભાવદશા—દુઃખદશા—છૂટશે અને મુક્તિદશા પ્રાપ્ત થશે. ૮૯.

* જો તારે દુઃખમય વિભાવથી છૂટવું હોય અને અતીન્દ્રિય પરમાનંદમય મોક્ષદશા પ્રાપ્ત કરવી હોય તો સર્વપ્રથમ જ્ઞાનસ્વભાવ નિજ

શુદ્ધ ધ્રુવ અભેદ જ્ઞાયકતત્ત્વનો નિર્ણય કરી તેનો આશ્રય કર, તેનું જ આલંબન લે, તે અભેદ જ્ઞાયકતત્ત્વ પર જ દૃષ્ટિ સ્થિર કર. તેનું ના સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી દૃષ્ટિના વિષયમાં કોઈ પણ પર્યાય કે ગુણભેદ છે જ નહિ. તેનો વિષય તે માત્ર અભેદ, ધ્રુવ, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ છે. પરંતુ દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું તે, ગુણોમાં લક્ષણ, પ્રયોજન વગેરે અપેક્ષાએ ભેદ છે અને દ્રવ્ય-અપેક્ષાએ અભેદ છે એમ જાણે છે. ૯૦.

* સમયસારના નિર્જરા અધિકારમાં કહ્યું છે: કોઈ જીવો તો અતિ દુષ્કર અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ ક્લેશ પામે તે પામો અને બીજા કોઈ જીવો મહાવ્રત ને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (—તૂટી મરતા થકા) ક્લેશ પામો તો પામો........શુ ક્લેશને કારણ બનાવીને આત્માનું સમ્યગ્દર્શન થાય? આહા! આવુ સર્વજ્ઞવીતરાગના કેડાયત એવા દિગંબર સંતોનું સ્પષ્ટ કથન છે; તેમના અનુયાયી સમકિતી પણ એમ જ કહે છે. ભાઈ! તું ધીરો થઈને સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી, અંદર જે ધ્રુવ જ્ઞાયકતત્ત્વ પડ્યું છે તેને પકડ. ઉપયોગને પરમાં, રાગમાં ને પર્યાયમાં જકડી રાખ્યો છે એ તો મિથ્યાત્વ છે. તેને છોડી, જરી સૂક્ષ્મ બુદ્ધિ કરી અંદર અતીન્દ્રિય આનંદકંદ જ્ઞાયકને પકડી લે. આહા! આવો માર્ગ દિગંબર સંતો સિવાય બીજે ક્યાં છે? ૯૧.

* ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો ત્રિકાળી ધ્રુવ પિંડ છે, પરંતુ અંતરમાં તેનું ભાન તેમ જ મહિમા નહિ હોવાથી જીવને અનાદિથી પર્યાય ઉપર જ દૃષ્ટિ છે. સાધુ થયો તોપણ પર્યાયદૃષ્ટિ—પર્યાય ઉપરનું લક્ષ—છોડ્યું નહિ. પર્યાય પાછળ આખું ત્રિકાળી તત્ત્વ—પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ—પડેલ છે તેના ઉપર નજર ન કરી. જે વર્તમાન પર્યાયમાં થતાં શુભાશુભ ભાવ પર જ લક્ષ છે તે તો પર્યાયદૃષ્ટિ છે. તેના ઉપર જેને દૃષ્ટિ છે તને અંદર જે દ્રવ્યસ્વભાવ—આત્મપદાર્થ, આખો માલ—ભર્યો પડ્યો છે તેનું ભાન નથી. પર્યાય તો વ્યવહારનયે, અભૂતાર્થનયે આત્મા છે, તે પરમાર્થ શુદ્ધ ધ્રુવ આત્મા નથી. ૯૨.

* ભાઈ! તારા વર્તમાન અંશને તું માને છે, પણ તે અંશ કોના આધારે થાય છે? તે અંશ કોનો છે? શું તે 'જાણવા' રૂપ અંશ કોઈ પરમાણુ કે રાગનો છે? અંદર ત્રિકાળ જ્ઞાયકતત્ત્વ છે તેનો તે અંશ છે. તે અંશ ત્રિકાળી જ્ઞાયક—અંશીને જણાવે છે. પર્યાય તો પલટતી હોવાથી અનિત્ય જ છે ને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—મોક્ષમાર્ગ—પણ પર્યાય હોવાથી અનિત્ય છે. અરે! કેવળજ્ઞાનની પર્યાય પણ દરેક સમયે બદલતી હોવાથી નાશવાન છે, કેમ કે પર્યાયની મુદત જ એક સમયની છે, અને વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે. ૯૩.

* તારી પર્યાયમાં એટલી પ્રભુતા છે કે જેને 'જાણવા' માટે પરના આલંબનની, અરે! ઇન્દ્રિય ને મનના આલંબનની પણ, જરૂર નથી; ઇન્દ્રિયો ને મન છે માટે જ્ઞાનની વર્તમાન પર્યાય જાણે છે—એમ નથી. શાસ્ત્રથી જાણ્યું કે મન ને ઇન્દ્રિયો છે. તે 'છે' એમ જ્ઞાનમાં જણાય છે પણ જ્ઞાનને તેનાં આલંબન ને અપેક્ષાની જરૂર નથી. તે નિરાલંબન જ્ઞાન જેનો અંશ છે તે ત્રિકાળી-જ્ઞાયક ચીજમાં કોઈની અપેક્ષા છે જ નહિ. એ ત્રિકાળી તત્ત્વના હોવાપણા પર જીવે કદી નજર આપી નથી અને માત્ર તેની 'વર્તમાન અસ્તિ' માને છે! ૯૪.

* અહા! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, કયે પ્રસંગે નથી? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે, તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે. પરંતુ કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે—એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે. ૯૫.

* આત્મારૂપી પરમપવિત્ર તીર્થ તું જ છો; જેનાથી તરવાનો ઉપાય પ્રગટ થાય છે એવું તારું તીર્થ તો તારી પાસે જ છે. કેવળજ્ઞાન પામવાનો જે ઉપાય તેને તીર્થ કહીએ. તીર્થફળ એટલે કે કેવળજ્ઞાન ત્રિકાળી જ્ઞાયકનો

આશ્રય કરવાથી આવે છે. જે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપમાં આરૂઢ થયો એણે આત્મારૂપી પરમપવિત્ર તીર્થની યાત્રા કરી. આહાહા! શ્રી કુંદકુંદાચાર્યદેવે—પંચમ આરાના વીતરાગી સંતે—વિદેહની યાત્રા કરી હતી, સદેહે શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા. એ પણ શુભ ભાવ હતો. ખરેખર તો આ આત્મા જ અંદર પરમ તીર્થ છે કે જેમાં આરૂઢ થવાથી પવિત્રતાની ધારા પ્રગટ થાય છે. અતીન્દ્રિય આનંદનો ધોધ વરસે એવો એ ભગવાન આત્મા પરમપવિત્ર તીર્થ છે, એમાં તું સ્નાન કર; એમાં જા...એમાં જા...તો તારો સંસારકીચડ ધોવાઈને સાફ થઈ જશે ને અંદર પરમ પવિત્રતા પ્રગટ થશે. ૯૬.

* પોતે આત્મા જેવો છે એવી દૃષ્ટિ કરીને એમાં રહેવું તે પ્રયોજનભૂત છે, બાકી બધું થોથાં છે. પ્રયોજન તો એક આત્માનું જ રાખવું, પરનું—પુણ્ય-પાપના ભાવનું પણ—નહિ. અહા! આવી વાત છે! ભગવાન આત્મા અંદર અનંત જ્ઞાન ને આનંદ આદિ શક્તિઓથી ભરેલી પરિપૂર્ણ વસ્તુ છે; સમીપમાં પ્રભુ હોવા છતાં, વર્તમાન પર્યાય ઉપર લક્ષ હોવાથી, એની તરફ નજર કરતો નથી. ચૈતન્યભગવાન આ જ ને આટલો છે, એના સ્વભાવમાં રાગ-દ્વેષ આદિ વિભાવનો પ્રવેશ નથી—એમ આત્માની 'અસ્તિ' સંભાળીને રાખવી—એ એક જ પ્રયોજન રાખવું. અશુભથી બચવા શુભરાગ આવે પણ એનું કાંઈ પ્રયોજન નથી. ૯૭.

* સિંહ શું કોઈ હરણિયાં ને શિયાળિયાંનો પરિચય કરતો હશે? જંગલમાં સિંહ જેમ નિર્ભયપણે વિચરે છે, તેમ તું પણ તારા સ્વરૂપમાં, લોકથી સાવ અળગો થઈને, વિચરજે. અંદર ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સ્વભાવ સમસ્ત લૌકિક ભાવથી ભિન્ન જ છે. શરીરનો, કર્મનો, ઉદયનો કે રાગનો પણ જેને પરિચય નથી એવી વીતરાગી ચીજ અંદર પડી છે. અહા! સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની વાણી વીતરાગતા ઉત્પન્ન કરવાની શીખ આપે છે. ભગવાન શું કહે છે?—તારી ચીજ વીતરાગસ્વરૂપ છે; તેનો પરિચય કર તો તને અંદરમાં વીતરાગ પર્યાય ઉત્પન્ન થશે. ૯૮.

* ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ

ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી—આવા ભાવ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા! આવી વાત છે! ૯૯.

* મુમુક્ષુને સત્સમાગમ વગેરેનો શુભભાવ આવે, પણ સાથે સાથે અંદર શુદ્ધતાનું ધ્યેય—શોધકવૃત્તિ—ચાલુ રહે છે. જે શુદ્ધતાને ધ્યેયરૂપે કરતો નથી અને પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા હોય તેથી મારે શું? —એમ સ્વચ્છંદપણે વર્તે છે તે શુષ્કજ્ઞાની છે. મુમુક્ષુ જીવ શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે: 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ'. કોઈ જીવો રાગની ક્રિયામાં જડ જેવા થઈ રહ્યા છે અને કોઈ જીવો જ્ઞાનના એકલા ઉઘાડની વાતો કરે ને અંદર પરિણામમાં સ્વચ્છંદ સેવનાર નિશ્ચયાભાસી છે. ગમે તેવા પાપના ભાવ આવે તેની દરકાર નહિ તે સ્વચ્છંદી છે, સ્વતંત્ર નહિ. જેને પાપનો ભય નથી, પરથી ને રાગથી ઉદાસીનતા આવી નથી તે જીવ લૂખો છે—શુષ્કજ્ઞાની છે. ભાઈ! પાપનું સેવન કરીને નરકે જઈશ, તિર્યંચમાં અવતાર થશે. કુદરતના નિયમથી વિરુદ્ધ કરીશ તો કુદરત તને છોડશે નહિ. માટે હૃદયને ભિંજાયેલું રાખવું, શુષ્કજ્ઞાની ન થઈ જવું. અહા! બહુ આકરું કામ ભાઈ! ૧૦૦.

* જેને પોતાના આત્માનું કલ્યાણ કરવું છે પણ પોતે માર્ગ જાણતો નથી એવા જિજ્ઞાસુ જીવને, માર્ગના બતાવનાર એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું અવલંબન વચ્ચે નિયમથી આવે છે. પોતાને અંદર આત્મા શી ચીજ છે, તેનું સાચું સ્વરૂપ શું છે, તેની પ્રાપ્તિ કઈ રીતે થાય—વગેરે કાંઈ ખબર નથી, અને જેને ખબર છે—અનુભવ છે—એવા દેવ-ગુરુ તથા જેમાં પૂર્વાપર અવિરુદ્ધપણે ન્યાય અને યુક્તિથી માર્ગ બતાવેલ છે એવાં સત્શાસ્ત્રોને સાથે રાખે નહિ, તો તું અંદર આત્મામાં એક ડગલું પણ કઈ રીતે ભરીશ? પોતે જાણતો નથી અને જાણનાર અનુભવીનો સમાગમ કરતો નથી તો, અંદરનો માર્ગ સાંભળ્યા—સમજ્યા

વિના, તું અંદરમાં પ્રયત્ન કેમ કરીશ? ભલે દેવ-શાસ્ત્ર-ગુરુ આપી દેતાં નથી, પણ જિજ્ઞાસુને માર્ગ સમજવામાં તે નિમિત્ત છે કે નહિ? આત્મા દેહ, લક્ષ્મી આદિ પરથી તદ્દન ભિન્ન, શુભાશુભ વિભાવોથી કથંચિત્ રહિત છે, તે એક સમયની પર્યાય જેટલો પણ નથી પણ પરિપૂર્ણ અખંડ જ્ઞાયકતત્ત્વ છે—એમ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવે છે કે નહિ? નિજ જ્ઞાયક આત્માને તું સ્વયં જાણતો નથી અને જે જાણે છે તેની સંગતિ કરતો નથી, તો અંતર આત્મામાં એક પગલું પણ નહિ ભરી શકે. ૧૦૧.

* દુનિયા મારા માટે શું માનશે? આ માણસ સાવ નમાલો છે, કાંઈ બોલતાં ય આવડતું નથી, અંદર ને અંદરમાં પડ્યો રહે છે—એમ લોકો ગમે તે બોલે, તેની તને શી પડી છે? લોકો મને પ્રશંસે, લોકોમાં હું બહાર આવું—એવી બુદ્ધિવાળો જીવ તો બહિરાત્મા—મિથ્યાદૃષ્ટિ છે. માટે લોકોનો ભય ત્યાગી દે, ઢીલાશ છોડી દે અને અંતર્મુખ સ્વભાવનો દૃઢ પુરુષાર્થ કર. ૧૦૨.

—*—

**સુવર્ણપુરી સમાચાર :**—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવમાર્ગપ્રકાશક પ્રવચનો [સવારે શ્રી સમયસાર ઉપર (૧૯૬૧ના), સાંજે શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપર (૧૯૬૭ના) પ્રવચનો] આદિ ધાર્મિક દૈનિક કાર્યક્રમો નિયમિત ચાલી રહ્યા છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૨મી મંગલકારી જન્મજયંતીના ઉપલક્ષમાં રાખવામાં આવેલ તા. ૧૧–૫–૯૧ થી તા. ૧૫–૫–૯૧ સુધીના મહોત્સવનો લાભ લેવા તીર્થધામ સુવર્ણપુરીમાં મહેમાનો આવી રહ્યા છે. વિસ્તૃત જાણકારી આગામી અંકમાં આપવામાં આવશે.

* તા. ૨૬–૪–૯૧ થી તા. ૧૦–૫–૯૧ સુધી—૧૫ દિવસ માટે રાખવામાં આવેલ ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ સારી રીતે ચાલી રહ્યો છે. બહાર ગામથી આવીને મહેમાનો આ શિક્ષણવર્ગનો લાભ લઈ રહ્યા છે. વિસ્તૃત જાણકારી આગામી અંકમાં આપવામાં આવશે.

—તંત્રી; તા. ૬–૫–૯૧

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની
પ્રથમ સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે સોનગઢમાં પાંચ દિવસીય

# * ધાર્મિક કાર્યક્રમ *

[ તા. ૨૭–૫–૯૧ થી તા. ૩૧–૫–૯૧ ]

આપણા પરમ–આધાર, અધ્યાત્મયુગપ્રવર્તક પ્રાતઃસ્મરણીય સ્વાનુભવપ્રેરણામૂર્તિ સ્વાનુભવપરિણત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ-શાસનનો પરમોદ્યોત કરનાર સ્વાનુભવ પરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પવિત્ર સમાધિનો પ્રથમ સાંવત્સરિક દિન દ્વિતીય વૈશાખ વદ–૩, શુક્રવાર, તા. ૩૧–૫–૯૧ ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે તા. ૨૭–૫–૯૧, સોમવાર થી તા. ૩૧–૫–૯૧, શુક્રવાર સુધી પાંચ દિવસનો 'ધાર્મિક કાર્યક્રમ'—પંચપરમેષ્ઠીમંડલ-વિધાનપૂજા, દેવગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્ય-પોષક આધ્યાત્મિક ટેપ–પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા ઇત્યાદિ જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિની ઉપાસનાના વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવશે.

અધ્યાત્મ–વૈરાગ્ય તેમ જ દેવગુરુભક્તિ પોષક આ 'ધાર્મિક કાર્યક્રમ'નો લાભ લેવા સકલ મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી હાર્દિક આમંત્રણ છે.

સૂચના :—આવાસ તેમજ ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

✽ ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા. તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે. અહીં તે ભગવાનની, જિનેન્દ્ર મંદિરોની ને ગુરુદેવની જ મંગળ છાયામાં રહેવાય છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને એમની મંગળ પ્રભા જ્યાં પથરાઈ હોય એ મળવું મુશ્કેલ છે. —પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH-364 250 ( INDIA )**

**Licence No. 21 'Licensed to post without prepayment'**

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ